dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 287 | AD - 2025, Ashadh Vad - 11 | Monday, Dt. 21-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page - 08 Price : Rs. 3-00


## ઓપરેશન સિંદૂર પર અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના દાવાઓના મુદ્દા પર સરકાર સંસદમાં યોગ્ય જવાબ આપશે : સંસદીય બાબતોના મંત્રી રિજિજુ

# આજથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ : અનેક મુદ્દે વિપક્ષ આકરા મૂડમાં

### સરકારે સર્વદલીય બેઠક બોલાવી માહિતી આપી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે, જે ૨૧ ઓગસ્ટ સુધી ચાલશે. તે પહેલાં, સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ ચોમાસુ સત્રમાં કુલ ૨૧ બેઠકો થશે. જોકે, સ્વતંત્રતા દિવસની ઉજવણીને કારણે ગૃહની કાર્યવાહી ૧૨ ઓગસ્ટથી ૧૮ ઓગસ્ટ દરમિયાન મુલતવી રાખવામાં આવશે. આ સત્રમાં, સરકાર ૭ પેન્ડિંગ બિલો પર ચર્ચા કરશે અને ૮ નવા બિલો રજૂ કરવાની તૈયારી કરી રહી છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, શિરોમણી અકાલી દળના હરસિમરત કૌર, ભાજપાના અર્જુન રામ મેઘવાલ, કોંગ્રેસના ગૌરવ ગાગોઈ, એઆઈએડીએમકેના થંબી દુરાઈએ સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી હતી. તે જ સમયે, એનસીપી-સપાના સુપ્રિયા સુલે, શિવસેનાના શ્રીકાંત શિંદે, ડીએમકેના ટીઆર બાલુ, આરજેડીના પ્રેમચંદ્ર ગુપ્તા, જેડીયુના સંજય ઝા, સમાજવાદી પાર્ટીના પ્રોફેસર રામ ગોપાલ યાદવ, કોંગ્રેસના પ્રમોદ તિવારી અને કે. સુરેશ સહિત ઘણા નેતાઓએ સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી હતી.

સર્વપક્ષીય બેઠક બાદ કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું, આ સત્રમાં અમે જે મુદ્દાઓને મહત્વપૂર્ણ માનીએ છીએ તે પહેલગામ છે. આપણી સરહદો પરનો સંઘર્ષ, ખાસ કરીને બે મોરચા બનાવતા દેશોનું એકત્ર થવું. અને દરેક નાગરિકના મતદાનના અધિકાર અને બિહારમાં વિશેષ ઊંડાણપૂર્ણ સુધારાને લગતી ચિંતાઓ પણ છે. આ બધા મુદ્દાઓ પર, સરકારના વડા તરીકે વડાપ્રધાનની ફરજ અને નૈતિક જવાબદારી છે કે તેઓ સંસદના કોરિડોર દ્વારા રાષ્ટ્રને સંબોધિત કરે. મને આશા છે કે વડાપ્રધાન તેમની નૈતિક ફરજ બજાવશે.



બીજેડી સાંસદ સંબિત પાત્રાએ કહ્યું, આ સત્રમાં, બીજેડી દળ ઓડિશાને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવા, પોલાવરમ અને મહાનદી વિવાદોનો ઉકેલ લાવવા, કોલસા રોયલ્ટી સુધારણા, ગ્રીન ટેક્સ, કોસ્ટલ હાઈવેનું નિર્માણ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો વિકાસ, નવી એઈમ્સ હોસ્પિટલોની સ્થાપના, રેલવે કનેક્ટિવિટીમાં સુધારો, ડિજિટલ, બેંકિંગ તેમજ મોબાઈલ અને ખેડૂતો ઉપરાંત અન્ય કનેક્ટિવિટી, એમએસપી બમણું કરવા વગેરે સહિત વિવિધ મુદ્દાઓની માંગણી કરવાનું ચાલુ રાખશે. આ ચોમાસુ સત્રમાં ઘણા મહત્વપૂર્ણ બિલ રજૂ કરવામાં આવશે, જે વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ફેરફારો લાવી શકે છે. આમાં કેટલાક નવા બિલ અને કેટલાક જૂના બિલોમાં સુધારાનો સમાવેશ થાય છે.

કિરેન રિજિજુએ કહ્યું કે સંસદ સત્ર શરૂ થાય તે પહેલાં તમામ પક્ષોના નેતાઓની બેઠક યોજાઈ હતી. આ ૫૧ પક્ષોના ૫૪ સભ્યોએ બેઠકમાં ભાગ લીધો હતો. ૪૦ સાંસદોએ તેમના પક્ષો વતી પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. તે ખૂબ જ રચનાત્મક હતો. બધા રાજકીય નેતાઓએ તેમના પક્ષોની સ્થિતિ અને આ સત્રમાં તેઓ કયા મુદ્દાઓ લાવવા માંગે છે તે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સરકારે દરેકના મંતવ્યોની નોંધ લીધી છે. અમે વિનંતી કરી છે કે શાસક પક્ષ અને વિપક્ષ ગૃહને સુચારુ રીતે ચલાવવા માટે સારા સંકલનમાં સાથે મળીને કામ કરે. આપણે અલગ અલગ વિચારધારા ધરાવતા રાજકીય પક્ષો હોઈ શકીએ છીએ, પરંતુ સંસદ સુચારુ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી દરેકની છે.

સંસદીય બાબતોના મંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર પર અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના દાવાઓના મુદ્દા પર સરકાર સંસદમાં યોગ્ય જવાબ આપશે. ઘણા મુદ્દાઓ છે જેના પર પક્ષોએ કહ્યું છે કે આ મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા થવી જોઈએ. અમે ખુલ્લા દિલથી ચર્ચા માટે તૈયાર છીએ. અમે નિયમો અને પરંપરાઓ અનુસાર કામ કરીએ છીએ અને તેમને ખૂબ મહત્વ આપીએ છીએ. તેથી અમે દરેક મુદ્દા પર ચર્ચા કરીશું પરંતુ નિયમો અને પરંપરાઓ અનુસાર.

તેમણે કહ્યું કે વિપક્ષે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો છે. એનડીએ, યુપીએ (ઓલ ઈન્ડિયા એલાયન્સ) અને તેમની વચ્ચેના પક્ષોએ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો છે. અમે આ બધા મુદ્દાઓને સંસદમાં લઈ જઈશું, શું ચર્ચા કરવી અને શું નહીં, તે BAC (બિઝનેસ એડવાઈઝરી કમિટી) માં નક્કી કરવામાં આવશે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે નાના રાજકીય પક્ષો, ખાસ કરીને જેમના ૧-૨ સાંસદો છે, તેમને બોલવા માટે ઓછો સમય મળે છે કારણ કે તેમની સંખ્યા અનુસાર સમય ફાળવવામાં આવે છે પરંતુ અમે તેનું ધ્યાન લીધું છે. અમે નાના પક્ષોને પૂરતો સમય ફાળવવા માટે સંમત થયા છીએ. અમે તેને લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભા અધ્યક્ષ સમક્ષ મૂકીશું અને પછી અમે આ મુદ્દો બિઝનેસ એડવાઈઝરી કમિટીમાં ઉઠાવીશું.






## તિરુપતિ ટ્રસ્ટે ૪ કર્મચારીઓને અન્ય ધર્મોનું પાલન કરવાના આરોપસર સસ્પેન્ડ કર્યા

(એચ.એસ.એલ),હૈદરાબાદ,તા.૨૦

આંધ્ર પ્રદેશના તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ મંદિરે ૪ કર્મચારીઓને કથિત રીતે અન્ય ધર્મોનું પાલન કરવાના આરોપસર સસ્પેન્ડ કર્યા છે. આ કર્મચારીઓમાં એક ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર, એક સ્ટાફ નર્સ, એક ફાર્માસિસ્ટ અને એક આયુર્વેદિક ફાર્મસી ડૉક્ટરનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી ટીટીડીના વિજિલન્સ વિભાગના રિપોર્ટ અને અન્ય પુરાવાઓના આધારે કરવામાં આવી છે. આનાથી ધાર્મિક ભેદભાવનો વિવાદ ઊભો થયો છે. અહેવાલો અનુસાર, જે કર્મચારીઓને મંદિરમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમણે સંસ્થાની આચારસંહિતાનું પાલન કર્યું નથી. તેમણે એક હિન્દુ ધાર્મિક સંગઠનનું પ્રતિનિધિત્વ કરતી વખતે અને તેમાં કામ કરતા કર્મચારીઓ તરીકે પોતાની ફરજો બજાવતી વખતે બેજવાબદારીભર્યું વર્તન કર્યું છે. તેથી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે ટીટીડી વિજિલન્સ વિભાગ દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટ અને અન્ય પુરાવાઓની તપાસ કર્યા પછી, નિયમો અનુસાર તેમની સામે વિભાગીય કાર્યવાહી કરઈ છે.

સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં બી. એલિઝાર, ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર (ક્વોલિટી કંટ્રોલ), એસ. રોઝી, સ્ટાફ નર્સ, બીઆઈઆરઆરડી હોસ્પિટલ, એમ. પ્રેમાવતી, ગ્રેડ-૧ ફાર્માસિસ્ટ, બીઆઈઆરઆરડી હોસ્પિટલ અને એસવી આયુર્વેદ ફાર્મસીના ડૉ. જી. અસુન્થાનો સમાવેશ થાય છે, જેમને ટીટીડી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.













## સરદાર પ્રેમી ગોપાલભાઈ ચમારડી દ્વારા બારડોલીથી સોમનાથ સુધીની યાત્રાનું આયોજન

# સરદાર સન્માન યાત્રાના આયોજન માટે અમરેલીમાં સર્વે સમાજની બેઠક મળી

અમરેલી,તા.૨૦





સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે અગ્રણી ઉદ્યોગપતિ ગોપાલભાઈ ચમારડી દ્વારા આયોજિત બારડોલીથી સોમનાથ સુધીની 'સરદાર સન્માન યાત્રા' અનુસંધાને અમરેલી ખાતે સર્વ સમાજ દ્વારા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મથી ધર્મ સુધીની સરદાર સન્માન યાત્રા વિશે જણાવતા ગોપાલભાઈએ કહ્યું હતું કે, બાર દિવસમાં આ યાત્રા ૧૮ જિલ્લાના ૩૫૫ ગામમાં પસાર થઈ લગભગ ૧૮૦૦ કિલોમીટર જેવું અંતર કાપીને સોમનાથ પહોંચશે. અમરેલી જિલ્લામાં ૨૦ મી સપ્ટેમ્બરે શાખપુરથી સરદાર યાત્રા અમરેલી જિલ્લામાં પ્રવેશ કરશે અને ૨૧ સપ્ટેમ્બરના રોજ જિલ્લાના વિવિધ સ્થળોએ ફરી સોમનાથ તરફ જશે. આ તકે દિલીપભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા, પ્રતાપભાઈ દુધાત, અશ્વિનભાઈ સાવલીયા, જેનીબેન ઠુંમ્મર, ડી.કે. રૈયાણી, રમેશભાઈ કાથરોટીયા, હિરેનભાઈ હિરપરા, જીતુભાઈ ડેર, નરેશભાઈ દલસાણિયા, ભગીરથભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ સીતાપરા સહિત સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા શપથવિધિ સમારોહ યોજાયો : ત્રિલોક ભટ્ટ પ્રમુખ અને નિરવ ઝિંઝુવાડિયા સેક્રેટરી બન્યા

અમરેલી,તા.૨૦



રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરે વાર્ષિક શપથવિધિ સમારોહ સંકલ્પનનું ભવ્ય આયોજન કર્યુ હતું. આ અવસરે રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર રોટે. અમરદીપસિંહ બુનેટે ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે નવી ટીમની શપથવિધિ કરાવી હતી. તેમની સાથે ડિસ્ટ્રીકટ એક્ઝીક્યુટીવ સેક્રેટરી રોટે. ચિરાગ ત્રિવેદી, આસિસ્ટન્ટ ગવર્નર રોટે. જિગ્નેશ ઠક્કર અને વિવિધ રોટરી જગતના અગ્રણીઓ તથા મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે પ્રમુખ તરીકે રોટે. ત્રિલોક ભટ્ટ અને સેક્રેટરી તરીકે રોટે. નિરવ ઝિંઝુવાડિયા અને નવી ટીમના તમામ ડિરેક્ટર્સ અને પદાધિકારીઓની પણ શપથવિધિ કરવામાં આવી હતી. રોટરી વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ક્લબમાં શ્રેષ્ઠ કામગીરી માટે પ્રમુખ રોટે. પ્રતિક સંઘરાજકા અને સેક્રેટરી રોટે. અમર કોંઢિયા દ્વારા ક્લબના તમામ મેમ્બર્સ અને દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# બગસરાની શાળા નંબર ૪ માં 'બેગલેસ ડે'ની ઉજવણી : વિદ્યાર્થીઓએ નર્સરી અને ગૃહ ઉદ્યોગની મુલાકાત લીધી

બગસરા,તા.૨૦



બગસરા શહેરમાં જેતપુર રોડ પર આવેલી શાળા નંબર ૪ ના વિદ્યાર્થીઓએ 'બેગલેસ ડે'ની અનોખી રીતે ઉજવણી કરી હતી. રાજ્ય સરકાર દ્વારા આગામી સત્રમાં ચાર શનિવાર 'બેગલેસ ડે' તરીકે ઉજવવાનો નિર્ણય લેવાતા, આ શાળાના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. આ ઉજવણી અંતર્ગત, બાલવાટિકાથી ધોરણ પાંચ સુધીના પ્રાથમિક વિભાગના બાળકોએ મુંજીયાસર સિંચાઈ યોજના ખાતે આવેલી નર્સરીની મુલાકાત લીધી હતી જ્યારે, ધોરણ છ થી આઠના વિદ્યાર્થીઓએ વ્યવસાયિક સજ્જતા પ્રાપ્ત થાય તે હેતુથી આદપુર ગામે આવેલા સ્વરા અગરબત્તીના ગૃહ ઉદ્યોગની મુલાકાત લીધી હતી. કાર્યક્રમના અંતે, શિક્ષકો દ્વારા વન વિભાગ તેમજ ગૃહ ઉદ્યોગ સંસ્થાના હિતેશભાઈ કુબાવતનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઢૂંઢિયા પીપળીયા ગામે જઈ ગોપાલ ઈટાલીયાએ હત્યા અંગે માહિતી મેળવી

અમરેલી તા.૨૦



વડીયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામે બે દિવસ પહેલા વૃદ્ધ દંપતીની ચોરીના ઈરાદે હત્યા કરી હોવાની ઘટના બની છે જેના સમગ્ર જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને પોલીસ આ અંગે તાત્કાલિક આરોપીને ઝડપી પડે તેવી માંગ ઉઠી છે. આ ઘટનાની જાણ થતા જ વિસાવદરના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયાએ ઢૂંઢિયા પીપળીયા ગામે પહોંચી ઘટના અંગે માહિતી મેળવી હતી અને ઝડપી કાર્યવાહી થાય તે માટે માંગ કરી હતી.

# સાવરકુંડલા ખાતે બેંક ઓફ બરોડાના ૧૧૮ મા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

અમરેલી તા.૨૦



સાવરકુંડલા ખાતે બેંક ઓફ બરોડાના ૧૧૮ મા સ્થાપના દિવસની ઉજવણી સેવાકીય કાર્યો દ્વારા કરવામાં આવી હતી. જેમાં માનવ મંદિર સાવરકુંડલા આશ્રમ ખાતે વોટર કુલર અર્પણ કરીને ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે માનવ મંદિરના ભક્તિરામ બાપુએ બેંક ઓફ બરોડા સાવરકુંડલાના તમામ કર્મચારીઓને સુભાશિષ પાઠવ્યા હતા.

# પ્રભારી સચિવ દ્વારા અમરેલીના જર્જરિત પુલોનું નિરીક્ષણ અને સમીક્ષા

અમરેલી, તા. ૨૦



અમરેલી જિલ્લાના પ્રભારી સચિવ સંદિપકુમારે નાના માચીયાળા નજીકના જર્જરિત બ્રિજ અને સાવરકુંડલા ચોકડી બાયપાસ પાસેના ઠેબી નદીના બ્રિજની મુલાકાત લીધી હતી. સ્થળ નિરીક્ષણ દરમિયાન તેમણે બ્રિજની હાલત, વાહન વ્યવહાર અને લોકજન અવરજવરની પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. આ પહેલા જિલ્લા સેવા સદનમાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં પ્રભારી સચિવે રસ્તાઓ, જર્જરિત સરકારી બિલ્ડિંગો અને પાણી પુરવઠાની ટાંકી જેવી મિલકતોની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને કોઈ દુર્ઘટના ન બને તે માટે તત્પર રહેવા અને સમયસર યોગ્ય પગલાં લેવાની સૂચના આપી હતી.

# ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં ૨.૨૨ કરોડના ખર્ચે બગસરા-અમરેલી રોડનું ખાતમુહૂર્ત

બગસરા,તા.૨૦



બગસરાથી અમરેલી જવા માટેનો આ એકમાત્ર માર્ગ અગાઉ પણ બે-ત્રણ વખત બનાવવામાં આવ્યો હતો, પરંતુ ભારે પાણીના પ્રવાહને કારણે તે વારંવાર ધોવાઈ જતા અત્યંત બિસ્માર બની જતો હતો. સ્થાનિક લોકો દ્વારા અનેકવાર રજૂઆતો કરવામાં આવ્યા બાદ અંતે આ રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. રૂ. ૨.૨૨ કરોડના ખર્ચે આ માર્ગને બનાવામાં આવશે. ખાતમુહૂર્ત સમારોહમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, આપાગીગાના મહંત, સ્વામિનારાયણ મંદિરના મહંત અને અન્ય રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, લોકોમાં એવી પણ માંગ ઉઠી હતી કે આ રસ્તો સારો અને ટકાઉ બનાવવામાં આવે જેથી ભવિષ્યમાં ફરી આવી હાલાકીનો સામનો ન કરવો પડે.

# અમરેલી નાગરિક સહકારી બેંકની ૬૧ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

અમરેલી,તા.૨૦




અમરેલી ખાતે નાગરિક સહકારી બેંક લિમિટેડની ૬૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમાં આવેલા તમામ મહેમાનોનું મેનેજર દિલીપ ધોરાજીયા અને આસિસ્ટન્ટ મેનેજર સંજય રાજપરાએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. બેંકની પ્રગતિનો અહેવાલ ડિરેક્ટર પી.પી. સોજીત્રાએ રજૂ કર્યો હતો જેમાં બેંકે ગત વર્ષમાં રૂપિયા ૫૧૩.૭૪ લાખનો નફો કર્યો હતો. સાધારણ સભામાં સભાસદોને ૧૫% ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું હતું સાથે જ બેંકે સતત ૨૩મા વર્ષે ઝીરો એનપીએલ મેળવેલ છે. બેંક દ્વારા નેટબેન્કિંગ અને એટીએમ કાર્ડ સહિતની આધુનિક સેવાઓ પણ આપવામાં આવે છે. બેંકની સારી કામગીરી માટે ચેરમેન જયેશભાઈ નાકરાણી, વા.ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા, એમડી શૈલેષભાઈ સંઘાણી, પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સ્ટાફની કાર્યપદ્ધતિને કારણે બેંકે આ સિદ્ધિઓ હાંસલ કરી છે.







# આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને અમરેલીમાં આમ આદમી પાર્ટી દ્વારા મિટિંગ યોજાઈ

અમરેલી,તા.૨૦



વિસાવદરની ચૂંટણી બાદ અમરેલી જિલ્લામાં આમ આદમી પાર્ટીનું સંગઠન મજબૂત કરવા માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ગુજરાત પ્રદેશ સંગઠનના મહામંત્રી મનોજભાઈ સોરઠીયાની ઉપસ્થિતિ રહી હતી. અમરેલી જિલ્લામાં આમ આદમી પાર્ટી સાથે લોકો જોડાય અને આગામી સમયમાં લોકસભા પ્રભારી, વિધાનસભા પ્રભારી- સહપ્રભારી અને ફ્રન્ટલ ટીમના પદાધિકારીઓને રૂબરૂ મળી આગામી વિધાનસભા- લોકસભા ચૂંટણી અન્વયે આમ આદમી પાર્ટીનું સંગઠન મજબૂત કરવા માટે બુથ લેવલ સુધી જઈ પાર્ટીની વિચારધારા લોકો સુધી પહોંચે અને લોકો પાર્ટી સુધી પહોંચે તે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

**વીડિયો વાયરલ કરવાની ધમકી આપતાં યુવકે ઝેરી દવા પીધી**

# રાજુલાના ઝાંઝરડા ગામના યુવકને અજાણી યુવતી સાથે વીડિયો કોલમાં વાત કરવાનું ભારે પડ્યું

રાજુલા, તા. ૨૦

સોશિયલ મીડિયા પર રચ્યા પચ્યા રહેતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો હતો. એક યુવતીએ હાય લખીને ઝાંઝરડા ગામના યુવકને વોટ્સએપ મેસેજ લખ્યો હતો. જે બાદ અજાણી યુવતીએ મોઢું ન દેખાય તે રીતે નગ્ન શરીર બતાવ્યું હતું અને યુવકને પણ બાથરૂમમાં જઈ આમ કરવા કહ્યું હતું. જેનું સ્ક્રીન રેકોર્ડિંગ કરીને તેને બ્લેકમેલ કરવામાં આવ્યો હતો. સમાજમાં આબરૂ જશે તેવી બીક લાગતાં યુવકે ઝેરી દવી પીધી હતી. બનાવ સંદર્ભે મૂળ રાજુલાના જોલાપર ગામના અને હાલ ઝાંઝરડા ગામે રહેતા ભરતભાઈ ભવાભાઈ વાઘે ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં રીલ્સ જોતા હોય અને ફ્રેન્ડ એપમાં જોઈન થયા હતા. જેમાં કોમેન્ટમાં એક લિંકમાં આપેલા નંબરને તેમણે સેવ કર્યો હતો. જે બાદ તેમણે તેના મોબાઈલ પરથી વોટ્સએપમાં Hi લખી મેસેજ કર્યો હતો. સામેથી વીડિયો કોલ આવ્યો અને જેમાં કોઈ અજાણી સ્ત્રી વાત કરતી હતી. થોડી સેકંડમાં વીડિયો કોલ કાપી નાખ્યો હતો. થોડીવાર પછી ફરી એક સ્ત્રી અર્ધનગ્ન હાલતમાં હોય તેવો વીડિયો કોલ આવ્યો હતો અને હિંદીમાં બોલતી હતી. જેમાં બાથરૂમમાં જવાનું કહેવામાં આવ્યું હતું ત્યાં તેને નિર્વસ્ત્ર થવાનું કહેવામાં આવ્યું હતું. બાદમાં વોટ્સએપ ઉપરથી એક વીડિયો ક્લીપ મોકલી હતી. જે વીડિયો તેણે જોતાં જેમાં તેમનો ચહેરો તથા ગુપ્તભાગ દેખાયો હતો અને સાથે એક મહિલાના ગુપ્ત ભાગ દેખાય તેવો નગ્ન વીડિયો હતો. આ વીડિયો વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કરી દઈશ તેવી ધમકી આપી હતી અને નવ હજાર રૂપિયાની માંગણી કરી હતી. થોડીવાર પછી અન્ય નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો. જેમાં એક પુરૂષે પોલીસની વર્દી પહેરેલ હતી અને તેમને પોલીસ ઓફિસર ક્રાઈમ બ્રાન્ચ દિલ્હીથી બોલું છું તેવી પોલીસની ખોટી ઓળખ આપી સ્કેનર મોકલીને નવ હજાર રૂપિયાની માંગણી કરી હતી. જેથી તેમને સમાજમાં બદનામી થશે તેવું લાગી આવતા પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી.

# વડીયાના ઢૂંઢિયા પીપળીયામાં હત્યા મામલે ઝડપી તપાસ કરવા સૂચના



વડીયા,તા.૨૦

વડીયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયામાં વૃદ્ધ દંપતીના ડબલ મર્ડર કેસમાં થયેલી બે દિવસની તપાસ અંગે રિવ્યૂ કરવામાં આવ્યો. અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ બેસણામાં જઈ ડીવાયએસપી દેસાઈ, એલસીબી પીઆઈ અને પીએસઆઈ સાથે રૂબરૂ ચર્ચા કરી હતી. તેમણે તપાસમાં ઝડપ લાવવા ૧૦ અલગ-અલગ ટીમો બનાવવામાં આવ્યાની માહિતી મેળવી તથા આરોપીઓને ઝડપીને કડકમાં કડક સજા થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી. મૃતકના પરિવારજનોને સરકાર તરફથી સહાય મળે તે માટે ખેતીવાડી વિભાગના અધિકારીઓને પણ તાત્કાલિક ફોન કરી સહાય પ્રક્રિયા ઝડપી કરવા કહ્યું હતું.

# 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત રૂ. ૨૦,૦૦,૦૦૦ ની રકમ પરત અપાવતી સાવરકુંડલા પોલીસ

**આંગડિયા પેઢીનો કર્મચારી લાખો રૂપિયાની રકમ લઈ ફરાર થઈ ગયો હતો**



અમરેલી,તા.૨૦

ગત તારીખ ૧૮ માર્ચના રોજ સાવરકુંડલામાં આવેલી એક આંગડીયા પેઢી પટેલ મહેન્દ્રભાઈ અરવિંદકુમારમાં કામ કરતો ગોવિંદપુરી વૈકુંઠપુરી ગોસ્વામીએ આંગડિયા પેઢીના રૂપિયા ૫૯ લાખ જમા ન કરાવી વિશ્વાસઘાત કરી નાસી છૂટ્યો હતો. જેમાં ફરિયાદીના પણ ૨૦ લાખ રૂપિયા હોય તેથી ફરિયાદીએ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે તે વખતનો ગુનો સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો હતો. જેથી પોલીસે ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી આરોપીને તાત્કાલિક પકડી પાડ્યો હતો અને તેની પાસેથી રૂપિયા ૨૦ લાખ કબજે કર્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા આ રૂપિયા ૨૦ લાખ ફરિયાદીને પરત આપી ખરા અર્થમાં 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત સરાહનીય કામગીરી કરી હતી.

# અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના કન્વીનર તરીકે રમેશભાઈ કાથરોટીયાની નિમણૂક





અમરેલી,તા.૨૦

અમરેલી ખાતે ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ટ્રસ્ટી મંડળ અને આગેવાનોની એક બેઠક મળી હતી જેમાં જિલ્લા કન્વીનર તરીકે ખોડલધામના ટ્રસ્ટી, ઝોન અધ્યક્ષ એવા રમેશભાઈ કાથરોટીયાની નિમણૂક કરવામાં આવી છે. આ તકે રમેશભાઈએ જણાવ્યું હતું કે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લામાં જે કંઈ કાર્યો કરવાના છે તે પૂરા કરવાનો પ્રયાસ કરીશ. આ તકે ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, ભૂપતભાઈ ભુવા, દેવચંદભાઈ કપોપરા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, સરલાબેન ગજેરા સહિતના આગેવાનો, તાલુકાના કન્વીનરો સહિત ખોડલધામના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

**અમરેલી એલસીબીએ ત્રણ આરોપીને ઝડપી પાડ્યા, હજુ એક આરોપી ફરાર**

# અમરેલીના જાળીયા ગામે જિલ્લા મધ્યસ્થ બેંકમાં થયેલ ચોરીના પ્રયાસનો ભેદ ઉકેલાયો



અમરેલી,તા.૨૦

અમરેલી તાલુકાના જાળીયા ગામે આવેલી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ગત તારીખ ૧૦ જુલાઈના રોજ અજાણ્યા ઈસમોએ બિલ્ડિંગનું પ્રવેશદ્વાર અને લોખંડની ગ્રીલનું તાળું તોડી રાત્રિના સમયે બેંકના બિલ્ડિંગમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બેન્કમાં ચોરી કરવાનો પ્રયત્ન કરી ગુનો કરેલ હોય તે બાબતે બેંકના મેનેજર ભદ્રેશભાઈ માલવિયાએ અજાણ્યા ઈસમો સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી એલસીબીની ટીમે અણઉકેલ ગુનાના આરોપીઓની સઘન તપાસ કરી હતી. તપાસ કરતા જાળીયા અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકમાં લૂંટના પ્રયાસમાં ત્રણ આરોપીઓ ઝડપાઈ ગયા હતા. આ આરોપીઓએ જિલ્લા મધ્યસ્થ બેંકમાં ચોરીનો પ્રયાસ કર્યો હોવાનું કબુલ કર્યું હતું. આરોપીઓની વધુ પૂછપરછ કરતા તેઓએ પોતાના નામ રાલુ ઉર્ફે રાહુલ સવલસિંહ બામણીયા રહે. ઠંડલા તા.ઉદેગઢ જિ.અલી રાજપુર, જ્યારે બીજા આરોપીએ પોતાનું નામ રૂપેન પ્યાર સિંહ ડાવર, રહે. બેયડા, તા.જોબટ અને ત્રીજા આરોપીએ પોતાનું નામહતરસિંહ સબલાસિંહ અજનાર જણાવ્યું હતું. જ્યારે ચોરીના પ્રયાસમાં સામેલ અન્ય આરોપી મલસિંહ નિરભેસિંહ મોહનીયા શખ્સને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી બે મોબાઈલ ફોન અને લોખંડનો સળીયો તેમજ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૬૫,૫૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# બેંક ઓફ બરોડા, મોટી કુંકાવાવ શાખા દ્વારા ૧૧૮મા સ્થાપના દિનની ભાવભેર ઉજવણી




અમરેલી,તા.૨૦

બેંક ઓફ બરોડાની મોટી કુંકાવાવ શાખા દ્વારા ૧૧૮મા ફાઉન્ડેશન દિવસની ભાવભેર ઉજવણી સૌ ગ્રાહકો સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે, શાખા વડા અર્પિત વ્યાસના નેતૃત્વ હેઠળ બેંકના સ્ટાફ અભિષેક કુમાર, જીતેન્દ્રભાઈ પરમાર, ઈમરાનભાઈ તરકવાડિયા, ઉમંગભાઈ દેથા, રીટાબેન રંગાડીયા અને બેંક મિત્ર જગદીશભાઈ કડેવાળના સમર્પિત સહયોગથી, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) અંતર્ગત રૂ.૨ લાખનું વીમા કવચ આકાશભાઈ મનોજભાઈ સોલંકીને (નોમિનીને) દાવાનો ચેક પહોંચાડવામાં આવ્યો હતો. ઉજવણી દરમિયાન, સૌ ગ્રાહક મિત્રોને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાના લાભ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ, શાખા મેનેજર સાહેબ દ્વારા ખેડૂતોને પાક ધિરાણ લોન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# બગસરા સહકારી મંડળીની ચલાલા શાખા દ્વારા બાજપાઈ સહાય નિધિનો ચેક અર્પણ



અમરેલી,તા.૨૦

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ચલાલા શાખા દ્વારા મંડળીના સભાસદનું આકસ્મિક નિધન થતા તેમના વારસદાર કેયુરભાઈ ભરતભાઈ કાલાણીને રૂ.૨૫,૦૦૦ નો બાજપાઈ સહાય નિધિનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ચેક અર્પણ કરતા સમયે શાખાના જનરલ એમડી નિતેશ ડોડીઆ, એમડી જ્યોતિકાબેન રાવળ, જયેશભાઈ વિઠલાણી, નરેન્દ્રપુરી ગોસાઈ સહિતના હાજર રહ્યા હતા તેમ શાખા સેક્રેટરી ભરત ડોડીયાની યાદી જણાવે છે.

# સા.કુંડલાના અમૃત સરોવરમાં ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા નવા નીરના વધામણાં કરાયા



સાવરકુંડલા,તા.૨૦

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે નવા નીરના વધામણા કાર્યક્રમ યોજાયો હતો.સાવરકુંડલા શહેરના બાયપાસ રોડ પર નિર્માણાધીન રૂ. ૫ કરોડના ખર્ચે બની રહેલ અમૃત સરોવરમાં નવા નીરના આગમનને વધાવવામાં આવ્યું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, અમૃત સરોવરમાં આવેલા આ નવા નીર સાવરકુંડલા-લીલીયા વિસ્તારની ખેતીને સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ પાણીની ઉપલબ્ધતા આ વિસ્તારના વિકાસને વધુ પાણીદાર બનાવશે અને કૃષિ ક્ષેત્રે નવી આશા જગાવશે. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને નવા નીરના આગમનને ઉત્સાહભેર વધાવ્યું હતું, જે ભવિષ્યમાં આ વિસ્તારની આર્થિક અને સામાજિક ઉન્નતિ માટે ફળદાયી નીવડશે તેવી આશા વ્યક્ત કરી હતી.




**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૨/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. રમેશકુમાર ભાનુભાઈ મારૂ
રહે.મુ. જુના ગાધકડા રોડ મોમાઈ માતાજીના મંદીર પાસે
તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રમેશભાઈ ભાનુભાઈ મારૂનો જન્મ તા.૨૫/૦૩/૧૯૮૭ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

# અવસાન નોંધ

**રાજુલા**

મોટા ખુંઠવડા નિવાસી (હાલ રાજુલા) વસંતપરી નારણપરી ગૌસ્વામી (ઉ.વ.૬૯)નું તા.૧૭/૦૭/૨૫ના રોજ અવસાન થયેલ છે. તે જગદીશપરી નારણપરી, જયેન્દ્રપરી, કિશોરપરીના મોટાભાઈ તેમજ કમલેશપરી, મનીષપરીના પિતા તથા સુખદેવગીરી ગુલાબગીરી (રાજપરા ખોડીયાર)ના બનેવી અને આનંદગીરી શાંતિગીરી (જાફરાબાદ), રઘુગીરી દિલીપગીરી (મહુવા)ના સસરા થાય છે.

**રાજકોટ**

શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિ સ્વ.વિનોદભાઈ નાગજીભાઇ ચાવડા (ઉ.વ.૬૫) ખીરસરાવાળાનું તા.૧૮-૦૭-૨૦૨૫, શુક્રવારે દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.નાગજીભાઇ બાવાલાલ ચાવડાના પુત્ર તથા સ્વ.રતીલાલ પોપટલાલ મકવાણાના જમાઇ તથા ભરતભાઇ, મુકેશભાઈ રતીલાલ મકવાણાના બનેવી તથા નિલેષભાઈ નાગજીભાઇ ચાવડાના મોટાભાઇ તથા મેઘાબેન મોહિતકુમાર ચાવડા અને જીજ્ઞાબેન ચાવડાના પિતાશ્રી થાય છે. બન્ને પક્ષનું બેસણું તા.૨૧-૦૭-૨૦૨૫, સોમવારે સાંજે ૪ થી ૬ શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિ વાડી, સાંગણવા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**નામ બદલાવેલ છે**

આથી અમો નીચે સહી કરનાર દાઉદભાઈ ઈસાભાઈ કરૂડ જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ દાઊદભાઈ ઈસાભાઈ કરૂડ બદલાવીને દાઉદભાઈ ઈસાભાઈ કરૂડ રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ દાઉદભાઈ ઈસાભાઈ કરૂડ તરીકે ઓળખાઈશ.
સહી : દાઉદભાઈ ઈસાભાઈ કરૂડ
સરનામું: હેટવાસ, તુર્કી મોહલ્લા, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ-જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦

# એસ.એચ.ગજેરા કેમ્પસમાં ડૉ. સ્વામીનાથનનો પ્રેરણાદાયી સેમિનાર: વિદ્યાર્થીઓને એકાગ્રતા અને યાદશક્તિ વધારવા માર્ગદર્શન

અમરેલી,તા.૨૦

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે એક પ્રેરણાદાયી સેમિનારનું આયોજન થયું હતું. આંતરરાષ્ટ્રીય મોટિવેશનલ સ્પીકર બ્ર.કુ. ડૉ. ઈ.વી. સ્વામીનાથને વિદ્યાર્થીઓને "એકાગ્રતા" વિશે વિસ્તૃત સમજણ આપી અને આધ્યાત્મિક ઉર્જા દ્વારા યાદશક્તિ કેવી રીતે વધારવી તે અંગે વક્તવ્ય આપ્યું. તેમણે વિદ્યાર્થીઓને




અભ્યાસમાં પ્રગતિ માટે જ્ઞાનરૂપી સ્મરણ શક્તિ દ્વારા એકાગ્રતા પ્રાપ્ત કરવા પ્રેરિત કર્યા. આ પ્રસંગે બ્રહ્માકુમારી સેન્ટરના પ્રતિનિધિઓ, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થીઓએ આ માર્ગદર્શનથી જીવનમાં મજબૂત મનોબળ વિકસાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ડૉ. સ્વામીનાથન, જેઓ IIT, IIM, લશ્કરી દળો અને પોલીસ જેવા વિવિધ ક્ષેત્રોમાં મેડિટેશન ટ્રેનિંગ આપે છે, તેમણે સંસ્થાની સાયન્સ લેબ, અટલ ટીંકરીંગ લેબ, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, વોકેશનલ એજ્યુકેશન ડેવલપમેન્ટ સેન્ટર અને રમત-ગમતના મેદાન સહિતની સુવિધાઓની પ્રશંસા કરી હતી.

## જિલ્લામાં વધુ એક યુવક સાયબર ક્રાઈમનો ભોગ બન્યો

# જાફરાબાદના દુધાળા ગામના યુવકે વધુ કમાણીની લાલચમાં ૩.૪૦ લાખ ગુમાવ્યા

**ભાડ ગામની યુવતીનો કિસ્સો તાજો છે ત્યાં વધુ એક ઘટના બની**

જાફરાબાદ, તા.૨૦

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ જિલ્લામાં લોકો સાયબર ક્રાઈમનો ભોગ બનતાં અટકે તે માટે અવેરનેસ કાર્યક્રમો યોજી રહ્યા છે, તેમ છતાં લોકો જાળમાં ફસાઈ રહ્યા છે. જાફરાબાદના દુધાળા ગામે રહેતા રાજદીપભાઈ રાવતભાઈ વરૂ (ઉ.વ.૨૮)એ રાધીકા, રહે.ઈન્દોર, મધ્યપ્રદેશ, અંજલી શર્મા, રહે.મુંબઈ, અંધેરી તેમજ સ્કેચર્સ લોગઈન. કોમ લીંકના વેબસાઈટ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ તેમને ખોટી ઓળખ આપી વેબસાઈટ લીંકમાં રજીસ્ટ્રેશન કરાવી અલગ-અલગ ટાસ્ક પુરા કરવાના બદલામાં વધુમાં વધુ કમાણી કરાવવાની ખોટી લાલચ આપી હતી. તેમજ અલગ-અલગ બેંક ખાતા તેમજ UPI ની વિગતો મોકલી તેમની પાસેથી અલગ અલગ તારીખે અલગ-અલગ રકમના ટ્રાન્જેક્શન કરાવડાવી કુલ રૂા.૩,૪૦,૫૪૯ રૂપિયા મેળવી લઈ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને ઠગાઈ કરી કરી હતી. ઉલ્લેખનીય છે કે ભાડ ગામે રહેતી યુવતીએ ટાસ્કમાં ફસાઈને ૨૮ લાખ ગુમાવ્યા બાદ જીવન ટૂંકાવ્યું હતું. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ ડી. એસ. ઈશરાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના માંગવાપાળ ગામે મહિલાએ ઉંદર મારવાની દવા પીધી

અમરેલી, તા.૨૦

અમરેલીના માંગવાપાળ ગામે મહિલાએ ઉંદર મારવાની દવા પીધી હતી, જ્યારે લાઠીના કેરીયા ગામે યુવકે ગળાફાંસો ખાધો હતો. માંગવાપાળ ગામે રહેતા પ્રવિણભાઈ અરજણભાઈ રૂપારેલીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, ઉષાબેન પ્રવિણભાઈ રૂપારેલીયા (ઉ.વ.૪૯)ને છેલ્લા ૧૪ વર્ષથી માનસિક બીમારી હતી. જેની દવા શરૂ હતી. જેથી કંટાળી જઈ પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવા પીધી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીના કેરીયા ગામે રહેતા ગીતાબેન અજીતભાઈ વાઘેલા (ઉ.વ.૬૫) એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર પથુભાઈ અજીતભાઈ વાઘેલા (ઉ.વ.૩૦)ની પત્ની રિસામણે હતી. જેથી મનમાં લાગી આવતાં પોતાની મેળે ઘરમાં લાકડાના વાંસા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા.

# સાવરકુંડલાના હાથસણી ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું મહેશભાઈ કસવાલાના હસ્તે લોકાર્પણ

અમરેલી, તા.૨૦

સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૩૦ લાખના ખર્ચે તૈયાર થયેલ આ પેટા આરોગ્ય કેન્દ્ર અદ્યતન બનાવવામાં આવ્યું છે. ધારાસભ્યએ લોકાર્પણ કર્યા બાદ વૃક્ષારોપણ



કર્યું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પંચાયતના સભ્ય લાલભાઈ મોર, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, પ્રકાશભાઈ પાનસુરીયા, મનુભાઈ દાવડા, ભુપેન્દ્રભાઈ ખુમાણ, સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાતરાણી, વિપુલભાઈ શિંગાળા, મહેશભાઈ ભાલાળા, ભાવેશભાઈ ખૂંટ, હાથસણી ગામના શિવરાજભાઈ ખુમાણ, સરપંચ તથા ગ્રામજનો અને આરોગ્ય વિભાગના ડોક્ટરો અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ધારીના દુધાળા (ગીર) ગામે ખેડૂત સાથે રૂ. ૨.૯૧ લાખની છેતરપિંડી

**લગ્નની ખોટી કંકોતરી મોકલી પૈસા ઉપાડી લીધા**

ધારી, તા. ૨૦

ધારીના દુધાળા (ગીર) ગામે રહેતા ખેડૂતને લગ્નની ખોટી કંકોતરી મોકલી ભેજાબાજોએ રૂપિયા ૨.૯૧ લાખ ઉપાડી લીધા હતા. ઘટના અંગે શાંતીલાલ જીવરાજભાઈ બાળધા (ઉ.વ.૫૮)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા વ્યક્તિએ વસોયા પરિવારની લગ્નની કંકોત્રી મોકલી હતી. તેમજ અલગ અલગ સમયે યુપીઆઈ આઈડીથી રૂપિયા ૨,૯૧,૪૪૫ ઉપાડીને વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના જુની હળિયાદમાં દબાણ દૂર ન થતા જિલ્લા પંચાયતના સભ્ય કોર્ટમાં જશે

**તંત્રએ દબાણ દૂર કરવા નોટિસ આપ્યા બાદ પણ કોઈ કામગીરી નહી**

બગસરા,તા.૨૦

બગસરા તાલુકાના જુની હળિયાદ ગામે છેલ્લા ત્રણ વર્ષથી ગામમાં થયેલા દબાણો દૂર કરવા માટે જિલ્લા પંચાયતના સદસ્ય ચંદુભાઈ વાગડીયાએ વારંવાર સરપંચથી લઈને જિલ્લા વિકાસ અધિકારી અને કલેકટરને અરજી આપી હતી. આમ, છતાં પંચાયત દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવતા અંતે એક માસ પૂર્વે ચંદુભાઈ વાગડીયાએ આત્મવિલોપનની ચીમકી આપી હતી ત્યારે તંત્રએ ફરી એકવાર સમાધાન કરી દબાણ કરનારને નોટિસ આપી હતી. પરંતુ આ નોટિસને ઘણો સમય વીતી જવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ચંદુભાઈ વાગડીયાએ સમગ્ર પ્રકરણ કોર્ટમાં લઈ જવા માટે તજવીજ હાથ ધરી છે. આ અંગેની આખરી નોટિસ કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તથા તલાટીને પાઠવી છે.

# ખાંભા તાલુકાના નિંગાળા ગામે મહિલાને જાનથી મારવાની ધમકી

**આરોપીના પત્નીએ ફરિયાદીના લીધે દવા પીધાનું મનદુઃખ રાખ્યું**

ખાંભા, તા.૨૦

ખાંભાના નિંગાળા ગામે મહિલાને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે શાંતુબેન કનુભાઈ સોંદરવા (ઉ.વ.૪૫) એ પરશોત્તમભાઈ ગોવિંદબાઈ વણજારા તથા મયુરભાઈ પરશોત્તમભાઈ વણજારા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મયુરભાઈના પત્નીએ અગાઉ ઝેરી દવા પોતાની મેળે પી લીધી હતી. ઝેરી દવા તેમના કારણે પીધી હોવાનું મનદુઃખ રાખી લોખંડની કુહાડી તથા ટી લઈને બંને આરોપી તેમના ઘરે આવ્યા હતા. તેમને જેમ ફાવે તેમ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ધારેશ્વર ગામનો યુવક લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો

**એક લાખ રોકડા, ઘરેણા લઈ ફરાર થઈ ગઈ**

રાજુલા, તા.૨૦

રાજુલાના ધારેશ્વર ગામનો યુવક લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો હતો. દુલ્હન અને તેના મળતીયા એક લાખ રોકડા તથા સોના-ચાંદીના દાગીના લઈ ફરાર થઈ ગઈ હતી. બનાવ સંદર્ભે ધારેશ્વર ગામે રહેતા શાંતીભાઈ ભાયાભાઈ વિંઝુડા (ઉ.વ.૩૫)એ બધાભાઈ રહે.કોટડા ખીજડીયા તા.બાબરા તથા સોનલબેન રવજીભાઈ રહે રાજકોટ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બંનેએ તેમની સાથે ફુલહાર બાબતની વાત કરી હતી. ફુલહારના બદલામાં રૂપિયા એક લાખ લઈ ફુલહાર/લગ્ન કર્યા બાદ સોનલબેન તેમની સાથે રહ્યા નહોતા. બંનેએ તેમની સાથે વિશ્વાસઘાત તેમજ ઠગાઈ કરી એક લાખ રોકડા તથા આશરે દશેક હજારના સોના ચાંદીના ઘરેણા લઈ ફરાર થઈ ગયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અગિયારસ
તા. ૨૧-૦૭-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૩૫,
સૂર્યાસ્ત-૦૭:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૨૧-૦૭-૨૦૨૫ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ ખાતે પુરુષ નસબંધી કેમ્પનું આયોજન કરાયું

**જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન નીચે અડજો કર્મચારીઓએ આ કામગીરી કરી**

અમરેલી તા.૨૦

અમરેલી આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણીની સાથે સાથે તારીખ ૧૧ થી ૧૮ જુલાઈ દરમિયાન મા બનવાની ઉંમર એ જ જ્યારે શરીર અને મન તૈયાર હોય



થીમ સાથે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ ઉજવણીના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ ખાતે તા ૧૯ ના રોજ જિલ્લા કક્ષાના પુરુષ નસબંધી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાવનગરથી પુરુષ નસબંધીના સર્જન ડો. બોરીયાએ સેવા આપી હતી જિલ્લા કક્ષાના આ કેમ્પમાં કુલ ત્રણ પુરુષ નસબંધીના ઓપરેશન કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન નીચે અડજો કર્મચારીઓએ આ કામગીરી કરી હતી.

# અમરેલીમાં વરલી મટકાનો જુગાર રમાડતો યુવક ઝડપાયો

અમરેલી, તા.૨૦

અમરેલી શહેરમાં જુગારનું દુષણ નાબૂદ કરવા માટે પોલીસ કડક કાર્યવાહી કરી છે આમ છતાં પોલીસનો ડર રાખ્યા વગર છાનેખુણે વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. અમરેલીમાં વાંજાવાડ, હનુમાનદાદાની દેરી પાસેથી એક યુવક વરલી મટકાનો જુગાર રમાડતાં ઝડપાયો હતો. જાવીદભાઈ જાફરભાઈ કશીરી (ઉ.વ.૩૮) જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતાં કુલ રોકડા ૬૯૦, વરલી મટકાના આંકડા લખેલા કાગળના મુદામાલ સાથે ઝડપાયો હતો.

**પોલીસે જાવીદ કશીરીની મુદ્દામાલ સાથે અટકાયત કરી**

# અમરેલી જિલ્લામાંથી ૧૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૫ પીધેલાને પકડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

આ સિવાય જિલ્લામાં ૧૩ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.

# અમરેલી ભાજપ દ્વારા સાવરકુંડલા ખાતે શક્તિ કેન્દ્ર સંયોજક બેઠક સંપન્ન

અમરેલી,તા.૨૦

ભારતીય જનતા પાર્ટી, અમરેલી જિલ્લા દ્વારા સાવરકુંડલા શહેરમાં સાવરકુંડલા-લીલીયા અને રાજુલા-જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના શક્તિ કેન્દ્ર સંયોજકોની એક મહત્વપૂર્ણ બેઠક સફળતાપૂર્વક સંપન્ન થઈ.

આ બેઠકમાં ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આગામી ચૂંટણીલક્ષી રણનીતિ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સાવરકુંડલા, લીલીયા, રાજુલા અને જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના તમામ શક્તિ કેન્દ્ર સંયોજકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પક્ષની નીતિઓ અને કાર્યક્રમોને જન-જન સુધી પહોંચાડવા માટે સંકલ્પબદ્ધતા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય અને પ્રદેશ મંત્રી મહેશભાઈ કસવાળા, પ્રદેશ આગેવાન પુનિતભાઈ શર્મા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, માર્કેટિંગ યાર્ડ ચેરમેન દીપકભાઈ માલાણી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, સાવરકુંડલા શહેર પ્રમુખ અનિરુધ સિહ રાઠોડ, તાલુકા પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, લીલીયા તાલુકા મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જાફરાબાદ શહેર પ્રમુખ કુલદીપભાઈ વરુ, તાલુકા પ્રમુખ સંદીપભાઈ શિયાળ, રાજુલા શહેર પ્રમુખ વનરાજભાઈ વરુ, તાલુકા પ્રમુખ ધીરુભાઈ નકુમ, મહામંત્રીઓ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ અને શક્તિકેન્દ્ર સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ કાર્યકરોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને બુથ સ્તર સુધી સંગઠનને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂક્યો હતો. પક્ષના અગ્રણી નેતાઓએ ઉપસ્થિત સંયોજકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અને વિકાસ કાર્યોની માહિતી લોકો સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું. આ બેઠક ભાજપ સંગઠનને વધુ ગતિશીલ બનાવવામાં અને જનસંપર્ક અભિયાનને વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ થશે.

# જિલ્લામાં ૧૭ મહિલા પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળેથી ૪૬ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જેમાં ૧૭ મહિલાઓ પણ હતી.

આ ઉપરાંત પોલીસે જિલ્લામાં નશાયુક્ત હાલતમાં ફરતા ૧૭ ઈસમોને ઝડપી પાડ્યા હતા અને ધોરણસરની કામગીરી કરી હતી.

તંત્રી લેખ

# ભારત બ્રિટન નજીક આવશે

ભારત અને બ્રિટન વચ્ચેના રાજદ્વારી સંબંધોનો ઈતિહાસ ઘણો લાંબો અને જટિલ રહ્યો છે, જે સંસ્થાનવાદી ભૂતકાળથી લઈને આધુનિક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વિસ્તરેલો છે. આગામી સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિટનની મુલાકાતે જઈ રહ્યા છે ત્યારે ભારત બ્રિટન સંબંધના સંદર્ભમાં સકારાત્મક અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે.

વર્તમાન સ્થિતિ પર એક નજર નાખવી જરૂરી છે. વર્તમાન સમયમાં, ભારત અને બ્રિટન વચ્ચેના સંબંધો એક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં વિકસ્યા છે. આ ભાગીદારી વહેંચાયેલા મૂલ્યો, આર્થિક સહયોગ અને લોકો-થી-લોકોના સંપર્કો પર આધારિત છે. રાજકીય સંબંધો મજબૂત બનતા જાય છે. બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય મુલાકાતો અને વ્યૂહાત્મક સંવાદો નિયમિતપણે થાય છે. ૨૦૨૧માં, વડાપ્રધાન મોદી અને તત્કાલીન યુકેના વડાપ્રધાન બોરિસ જોનસને નવી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અને આગામી દસ વર્ષ માટે એક મહત્વાકાંક્ષી 'ભારત-યુકે રોડમેપ ૨૦૩૦' પર સંમત થયા હતા.

ભવિષ્યના સંબંધો મજબૂત બને તે માટે ભારતના વડાપ્રધાન બ્રિટનની મુલાકાતે જઈ રહ્યા છે. ભારત-યુકે સંબંધો ભવિષ્યમાં વધુ મજબૂત થવાની સંભાવના છે, ખાસ કરીને 'રોડમેપ ૨૦૩૦' અને મુક્ત વેપાર કરારના અમલીકરણ સાથે. આ કરારથી દ્વિપક્ષીય વેપારમાં અબજોનો વધારો થવાની અપેક્ષા છે અને બંને દેશોમાં નોકરીઓની તકો ઊભી થશે. ઊર્જા સંક્રમણ, સેમિકન્ડક્ટર, ટેલિકોમ્યુનિકેશન્સ અને મહત્વપૂર્ણ ખનિજો જેવી વ્યૂહાત્મક તકનીકોમાં સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. હિન્દુફોબિયા અને ભારતવિરોધી ભાવનાઓને દૂર કરવાની પ્રતિબદ્ધતા પણ સંબંધોને વધુ સુધારવામાં મદદ કરશે. એકંદરે, ભારત અને બ્રિટન ૨૧મી સદીમાં મહત્વપૂર્ણ ભાગીદારો બનવા માટે તૈયાર છે, જે વૈશ્વિક સ્તરે પરસ્પર સમૃદ્ધિ અને પ્રભાવ માટે વિશાળ સંભાવના ધરાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જુલાઈમાં બ્રિટનની મુલાકાતે જાય તેવી શક્યતા છે. તેઓ ૨૩-૨૪ જુલાઈએ યુકેની મુલાકાત લઈ શકે છે. આ મુલાકાતમાં ભારત અને યુકે વચ્ચે એક મોટો વેપાર કરાર થઈ શકે છે. બંને દેશો સુરક્ષા સંબંધોને વધુ મજબૂત બનાવવા વિશે પણ વાત કરી શકે છે. એવા સમયે જ્યારે અમેરિકા અને ખાસ કરીને અમેરિકી રાષ્ટ્રપતિ ટેરિફ અંગે સતત ધમકીઓ આપી રહ્યા છે, ત્યારે પીએમ મોદીની બ્રિટન મુલાકાતનું મહત્વ નોંધપાત્ર રીતે વધી જાય છે. અમેરિકા-ચીનનો સાથે મળીને સામનો કરવાની તૈયારી. પીએમ મોદીની આ બે મુલાકાતોનો અર્થ સમજવા જેવો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જુલાઈમાં બ્રિટનની મુલાકાત લઈ શકે છે. ત્યારબાદ તેઓ માલદીવ પણ જઈ રહ્યા છે. અમેરિકા અને ચીન સાથે ભારતના સંબંધોને ધ્યાનમાં રાખીને તેમની મુલાકાત મહત્વપૂર્ણ છે.

મે મહિનામાં, ભારત અને યુકે એક વેપાર કરાર પર સંમત થયા હતા. આનાથી ભારતની ૯૯% નિકાસ પર કર ઓછો થશે. તે જ સમયે, યુકે કંપનીઓ ભારતમાં વ્હિસ્કી, કાર અને અન્ય માલ સરળતાથી વેચી શકશે. આનાથી બંને દેશો વચ્ચે વેપાર વધશે. ET એ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે આ કરારને અમલમાં મૂકવામાં લગભગ એક વર્ષ લાગી શકે છે. પીએમ મોદીએ આ કરારોને 'ઐતિહાસિક સીમાચિહ્ન' ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આનાથી વેપાર, રોકાણ અને રોજગારમાં વધારો થશે. ઉપરાંત, ભારત અને યુકેના સંબંધો વધુ મજબૂત બનશે. બ્રિટન સાથેનો આ વેપાર કરાર ત્રણ વર્ષની વાટાઘાટો પછી નક્કી કરવામાં આવ્યો છે. આનાથી તમામ ક્ષેત્રોમાં ભારતીય માલને સરળતાથી બજાર મળશે.

# ઓપરેશન સિંદૂર વખતે ભારતે પીઓકે પાછું શા માટે ન લીધું ?




ભારતના ઈતિહાસમાં જ્યારે જ્યારે યુદ્ધો થયા છે ત્યારે વિરોધ પક્ષો પણ સરકારને એક અવાજમાં ટેકો આપવા એકત્ર થયા હતા. ૧૯૬૫ અને ૧૯૭૧ ના યુદ્ધ વખતે વિરોધ પક્ષોએ સરકારને એકી અવાજે ટેકો આપ્યો હતો અને આખું રાષ્ટ્ર એક બનીને યુદ્ધ સમયે દુશ્મન સામે ઊભું હતું પરંતુ આ સમયે ઓપરેશન સિંદૂર વખતે વિરોધ પક્ષો સહિતના નેતાઓ ભારતના વીર સૈનિકોની યશગાથાને અવગણીને રાષ્ટ્રધર્મ ભૂલી ગયા.

ઓપરેશન સિંદૂરનો વિજય અધુરો રહ્યો અને ભારતે પીઓકે પાછું લેવાની તક ગુમાવી હોવાના આક્ષેપો આજની તારીખે પણ વિરોધ પક્ષો કરી રહ્યા છે. આજે જ્યારે ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ મુદ્દો પણ ઉછાળવામાં આવશે કે ભારતે અમેરિકા સામે ઘૂંટણિયે પડીને અને રાતોરાત યુદ્ધવિરામ કરી નાખ્યો. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો આજે પણ એમ માને છે કે અમેરિકાએ ભારત પર દબાણ કર્યું અને યુદ્ધ અચાનક બંધ કરી દીધું આને કારણે દેશભરમાં એક આશ્ચર્યનું મોજું આવ્યું કે અચાનક જ યુદ્ધ બંધ શા માટે થયું તો આ પ્રશ્નો છેલ્લા એક મહિનાથી વિરોધ પક્ષો ગજવી રહ્યા છે.

**આપણા સૌ માટે રાષ્ટ્ર સર્વોપરી હોવું જોઈએ. પરંતુ વિરોધ પક્ષો આજની તારીખે જે રીતે વર્તી રહ્યા છે અને રાષ્ટ્રીય ભાવનાથી જે રીતે વિમુખ થઈ રહ્યા છે તે આપણા સૌ માટે યોગ્ય વસ્તુ નથી. ભારતના વીર સૈનિકોના વિજયને બિરદાવવાને બદલે તેનું મોરલ તૂટે તેવા વિધાનો કરવા વ્યાજબી નથી.**

યુદ્ધવિરામ બાદ અમેરિકાના પ્રમુખે ડીંગ મારી કે મેં યુદ્ધવિરામ કરાવ્યો છે પરંતુ ભારતે આ વાતનો ઈનકાર કર્યો છે અને સ્પષ્ટ કહ્યું છે કે ભારત ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારતું નથી. આમ છતાં વિરોધ પક્ષો કહે છે કે ભારત અમેરિકા સામે ઘૂંટણિયે પડી ગયું. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોને ખોટાબોલા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ પર વિશ્વાસ છે પરંતુ ભારત સરકાર અને તેના સૈન્ય અધિકારીઓ પર વિશ્વાસ નથી. વિરોધ પક્ષો તો એમ માને છે કે ભારતે આ યુદ્ધમાં પોતાના રફાલ ફાઈટર ગુમાવ્યા છે. પ્રોટેક્શન સિસ્ટમ પણ ગુમાવી છે. કોંગ્રેસ અને વિરોધ પક્ષો દ્વારા આ ભારતીય સેનાનું અપમાન છે. જે વીર સૈનિકો દુશ્મનો સામે લડ્યા છે અને તેના દેશમાં ઘૂસીને તબાહી મચાવી દીધી છે તે વિરોધ પક્ષોને નજરે દેખાતું નથી. હાલના ચોમાસુ સત્રમાં આ બધી બાબતે વિરોધ પક્ષો હોબાળો મચાવી રહ્યા છે ત્યારે ભારત સરકાર તથા ભારતના વીર સૈનિકોને સન્માન આપે તે આજની તારીખે જરૂરી છે નહીં તો ભારતની જનતા તો જાણે જ છે કે વિજય આપણો થયો છે. ઓપરેશન સિંદૂર સક્સેસ થયું છે.

ટ્રમ્પે જાહેર કર્યું હતું કે પોતે ભારત અને પાકિસ્તાનને બિઝનેસ બંધ કરવાની ધમકી આપી તેનાથી ડરીને બંનેએ યુદ્ધવિરામ માટે માનવું જ પડ્યું. ભારતે ટ્રમ્પની વાતને નકારી કાઢેલી ને સાફ શબ્દોમાં કહેલું કે, ભારત પાકિસ્તાન જ નહીં પણ કોઈપણ બીજા દેશ સાથેના

**પ્રાસંગિક**
સુરેશ પટેલ

વિવાદમાં ત્રીજા પક્ષની મધ્યસ્થી નથી સ્વીકારતું પણ આપણે ત્યાં કોંગ્રેસ સહિતના વિપક્ષો કાગારોળ મચાવ્યા કરે છે કે, નરેન્દ્ર મોદી સરકારે ટ્રમ્પ સામે ઘૂંટણ ટેકવી દીધા અને અમેરિકાની મધ્યસ્થી સ્વીકારીને પાકિસ્તાનને પાઠ ભણાવીને પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર કબ્જે લેવાની સોનેરી તક ગુમાવી દીધી.

મોદીએ વિપક્ષોની આ વાતનો જવાબ આપતાં ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટપણે કહી દીધું છે કે ભારત કોઈપણ સંજોગોમાં કોઈપણ ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારતું નથી. ભૂતકાળમાં અમે કોઈની મધ્યસ્થી સ્વીકારી નથી ને અત્યારે પણ નથી સ્વીકારતા. મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત થઈ એ ફોન પર થઈ છે અને આ ફોન ટ્રમ્પે કર્યો હતો. કેનેડામાં જી-૭ સમિટમાં મોદી અને ટ્રમ્પ મળવાના હતા પણ ટ્રમ્પ વહેલા ભાગી ગયા તેથી મોદી-ટ્રમ્પ ના મળી શક્યા.

ઈઝરાયલ-ઈરાન કટોકટીને બહાને ટ્રમ્પ કેનેડાથી નીકળી ગયા તેથી મોદી-ટ્રમ્પની નિર્ધારિત રૂબરૂ મુલાકાત થઈ શકી ન હતી એટલે જી-૭ સમિટ દરમિયાન ફોન પર ટ્રમ્પને સીધા શબ્દોમાં આ વાત કહી દેવામાં આવી. આ ફોન ટ્રમ્પે કર્યો હતો અને લગભગ ૩૫ મિનિટની વાતચીત દરમિયાન મોદીએ ભારતની નીતિ સ્પષ્ટ કરીને તડ ને ફડ કરીને કહી દીધું કે, કાશ્મીર અથવા કોઈપણ બાબતમાં ભારત અન્ય દેશોની દખલગીરી બિલકુલ સહન નહીં કરે. ઓપરેશન સિંદૂર દરમ્યાન ભારતે કોઈના દબાણમાં આવીને યુદ્ધવિરામ નથી કર્યો પરંતુ પાકિસ્તાનના મહત્વના લશ્કરી મથકોને નષ્ટ કરીને બોધપાઠ આપ્યો છે અને એક પણ નાગરિકને ઈજા નથી પહોંચાડી તે અમારો પૂર્ણ વિજય જ છે બાકી પીઓકે છીનવી લેવું એ ભારત માટે ડાબા હાથનો ખેલ છે. પરંતુ આ માટે ઓપરેશન સિંદૂર યોગ્ય સમય ન હતો. ભારત નથી ઈચ્છતું કે કોઈ નિર્દોષ માનવી આ યુદ્ધનો ભોગ બને માટે અમે યુદ્ધવિરામ કર્યો છે. ભારતે સત્તાવાર રીતે કહ્યું કે, ટ્રમ્પની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો નથી જ્યારે અમેરિકાએ સત્તાવાર રીતે કદી એવું કહ્યું નથી કે, અમારી મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો છે.

જે વાતો ચાલે છે એ બધી ટ્રમ્પ જ ચલાવે છે છતાં કોંગ્રેસને ટ્રમ્પ સાચા લાગે છે. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોને ભારતના સૈનિકો પર વિશ્વાસ નથી પણ અમેરિકાના જુઠ્ઠાણા પર વિશ્વાસ છે તે રાષ્ટ્રના ગૌરવ માટે આ વસ્તુ બિલકુલ વ્યાજબી નથી.

કોંગ્રેસને ટ્રમ્પ પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનિરને વ્હાઈટ હાઉસમાં લંચ માટે નોતરે એ બહુ મોટી વાત લાગે છે. કોંગ્રેસ એ મુદ્દે મોદી પર કટાક્ષ કરી રહી છે ત્યારે કોંગ્રેસે થોડો ઈતિહાસ પણ યાદ કરી લેવાની જરૂર છે. કોંગ્રેસના શાસન વખતે પાકિસ્તાનના સત્તાધીશોનું અમેરિકામાં કેવું સ્વાગત થતું હતું એ કહેવાની જરૂર નથી. અમેરિકા એ વખતે પાકિસ્તાનને અછોવાનાં કરતું ને પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓને લાડ લડાવતું. આતંકવાદ સામેની લડાઈમાં પાકિસ્તાન બહુ મદદ કરે છે એવું કહીને ભરપેટ વખાણ કરતું ને છતાં કોંગ્રેસ સરકાર ચૂપચાપ બધું જોતી જ હતી અને અમેરિકા સાથે સારા સંબંધો પણ રાખતી જ હતી.

અમેરિકા અને ભારતના સંબંધોમાં સીમાચિહ્નરૂપ મનાતા પરમાણુ કરાર ૨૦૦૮માં ડો. મનમોહનસિંહના શાસન વખતે જ થયા હતા. મુંબઈના ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટથી માંડીને ૨૦૦૮ના મુંબઈ પરના ભીષણ આતંકવાદી હુમલા સુધીની ઘટનાઓ કોંગ્રેસના શાસનમાં જ બની હતી. એ વખતે પાકિસ્તાન અમેરિકાના ખોળામાં બેઠેલું હતું એટલે ભારતે ઢગલો પુરાવા આપ્યા છતાં અમેરિકાએ પાકિસ્તાનને કશું નહોતું કર્યું. એ છતાં કોંગ્રેસ સરકારે ના તો અમેરિકા સાથેના સંબંધો તોડેલા કે ના પાકિસ્તાનના સંબંધો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. હવે ટ્રમ્પે એક જૂઠાણું ચલાવ્યું તે સાચું લાગે છે.

વિરોધ પક્ષોએ પોઝિટિવ વિચારવું જોઈએ અને દેશની સુરક્ષા બાબતમાં કે તેના ગૌરવ બાબતમાં કોઈપણ નકારાત્મક બાબતોને હાઈલાઈટ ન કરવી જોઈએ. માત્ર કેન્દ્ર સરકારની ખામી શોધવી અને તેની ટીકા કરવી અને તે પણ ખોટા મુદ્દા પર તે જરા પણ વ્યાજબી નથી કારણ કે ભારતની જનતા આ બધું જાણે છે અને કોંગ્રેસની નકારાત્મક સોચ પણ જનતા જાણે છે. આવું કરવાને બદલે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ સકારાત્મક રીતે યુદ્ધ સમયે રાષ્ટ્રને ટેકો આપવો જોઈએ. આમ તે રાષ્ટ્રધર્મ ભૂલે છે.

# કર્તવ્ય સ્મરણ એ જ પ્રભુ સ્મરણ : મનમંદિરમાં નમ્રતા અને નૈતિકતા

**जो शिकायतों में वक़्त गंवाता है...**
वो सिर्फ अफ़सोस कमाता है,
जो कोशिशें करता है, वो...
मुश्किलों का हल ढूढ़ पाता है,
जो उम्मीदों का दिया जलाता है...
वो अंधेरों में भी रास्ता पाता है,
जो हारकर भी हार न माने
वही जिंदगी में जीत पाता है ।।

માણસ મંદિરમાં ભગવાનની મૂર્તિનાં દર્શન કરવા દાખલ થાય છે ત્યારે એના મનમાં જે નમ્રતા અને નૈતિકતા પ્રગટ થાય છે એવી નમ્રતા અને નૈતિકતા જો એના મનમંદિરમાં કાયમ માટે પ્રગટ રહે તો એના માટે સંસાર સ્વર્ગ સમાન બની રહે છે. નમ્રતા એ વ્યક્તિની સંબંધો બાંધવાની અને જાળવી રાખવાની પુંજી છે. 'નમે તે સૌને ગમે' એ કહેવત મુજબ વાતમાં, વ્યવહારમાં કે વર્તનમાં નમ્રતા રાખનાર વ્યક્તિ સૌને પ્રિય લાગે છે. પોતાની નમ્રતા સામેના વ્યક્તિને પણ નમ્રતા માટે પ્રેરે છે પરિણામે તેને પણ સૌ પ્રિય લાગે છે. આમ નમ્રતા એ સંબંધો સાચવવાની ચાવી છે. નમ્રતા એ નબળાઈ નથી પણ વ્યક્તિની આંતરિક તાકાત છે. ગાંધીજીના જીવનમાં ડોકિયું કરશો તો ખ્યાલ આવશે કે તેમણે અંગ્રેજોના અનેક અન્યાયો અને અપમાનનો ઉદ્ધતાઈથી નહિ પણ નમ્રતાથી વિરોધ કર્યો હતો. અન્યાયી કાળા કાયદાઓ અને ફરમાનનો વિરોધ પણ સવિનય કાનૂન ભંગ દ્વારા કરેલો. દાંડીકૂચ હોય કે રોલેટ એક્ટ હોય, હિંદ છોડો આંદોલન હોય કે પૂર્ણ સ્વરાજની માંગણી હોય હર વખતે ગાંધીજીએ નમ્રતા અને નૈતિકતા જાળવીને જ લડત આપેલી અને એટલે જ સફળતા એના ચરણોને ચુમતી આવી હતી. પરિણામ એના પગ પખાલતું મળ્યું હતું. જેમ સત્ય, સુગંધ અને સાદગી ધીમે ધીમે પણ દૂર દૂર સુધી ફેલાય છે તેમ ગાંધીજીના સદગુણો ધીમે ધીમે જગત આખામાં ફેલાયેલ છે. ભગવાન રામચંદ્રની સમગ્ર જીવન લીલામાં પણ નમ્રતા અને નૈતિકતાના મૂળ આધાર પર કર્તવ્ય સ્મરણ સાથે સત્યના પંથે ચાલવાનો સંદેશ સમાયેલ છે. પિતાએ માતાને આપેલ વચનનું પાલન



**મનન ચિંતન**
ભરત બાવીશી

કરવું એ પોતાનું કર્તવ્ય સમજીને જરા પણ અસ્વસ્થ થયા વિના એક બે દિવસ કે મહિના નહિ પણ પૂરા ચૌદ વર્ષ માટે વનવાસની સ્વીકૃતિ એ નમ્રતા અને નૈતિકતા સાથે સો ટકા કર્તવ્ય સ્મરણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સક્ષમ હોવા છતાં નમવું એ સર્વશ્રેષ્ઠ શૂરવીરતા છે. આપણે જે મહાપુરુષો અને સદગુરૂના નામ સ્મરણ કરીએ છીએ એ સિદ્ધ પુરુષો સ્વયં કર્તવ્ય સ્મરણમાં માનનારા અને એને પાળનારા હતા. ખુદ જગતના સ્વામી જગદીશ એટલે કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુ હોય કે દેવાધિ દેવ મહાદેવ હોય કે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ હોય દરેકના જીવન ચરિત્રની ઝાંખી કરીએ તો મૂળમાં મુખ્ય ઉપદેશ નમ્રતા, નૈતિકતા અને કર્તવ્ય સ્મરણનું પાલન કરવાનો જ મળે છે. આમેય જગતમાં જોશો તો જોઈ શકાશે કે વ્યક્તિનું શારીરિક કે ભૌતિક પતન થવા છતાં જો તે નૈતિકતા જાળવી રાખે તો સમાજમાં માન પાન યથાવત રાખી શકે છે. એનાથી ઉલટું, શારીરિક અને ભૌતિક સમૃદ્ધિની જાહોજલાલી વચ્ચે પણ જો તેનું નૈતિક અધઃપતન થયું તો તે વ્યક્તિ કોઈના ભરોસાને લાયક રહેતી નથી.માત્ર પૈસા નહિ પણ સાથે પ્રેમ હોય, માત્ર મોટાઈ નહિ પણ સાથે માણસાઈ હોય, માત્ર સત્તા નહિ પણ સાથે નમ્રતા હોય, માત્ર ઉપદેશ નહિ પણ સાથે આચરણ હોય અને માત્ર પ્રભુ સ્મરણ નહિ પણ સાથે કર્તવ્ય સ્મરણ હોય તો જ વ્યક્તિ સૌના હૃદયમાં માનવંતા સ્થાન મેળવી શકે છે. આ સાથે જગતમાંથી જડેલી અને જીવન સાથે જોડાયેલી કેટલીક જાણવા, માણવા અને સમજવા જેવી વાતોને વાગોળીએ તોઃ શબ્દોનો પણ સ્વાદ હોય છે સત્ય હોય તો કડવો લાગે છે અને અસત્ય હોય તો મીઠો લાગે છે. ભૂલનું પણ કદ હોય છે. પોતાની હોય તો નાની લાગે છે અને બીજાની હોય તો મોટી લાગે છે. વાતનું પણ અંતર હોય છે. ગમતી હોય તો ટૂંકી લાગે છે અને ના ગમતી હોય તો લાંબી લાગે છે. આંસુનું પણ તાપમાન હોય છે, હરખનું હોય તો હૂંફાળું લાગે છે અને દુઃખનું હોય તો દઝાડે છે. સંબંધમાં પણ સ્વાર્થ હોય છે, ગરજ હોય ત્યારે ગાઢ લાગે છે અને ગરજ ના હોય ત્યારે વ્યર્થ લાગે છે. આ બધાની વચ્ચે રહીને પ્રભુ સ્મરણની સાથે કર્તવ્ય સ્મરણનું પાલન કરીએ તો સૌનો પાલનહાર પરમેશ્વર જરૂર રાજી રહેશે. અસ્તુ. જય શ્રી કૃષ્ણ.

# દેશના ગામડાઓમાં આજે પણ અસલી તાકાત છે

ભારતમાં ગામડાઓનો ઉદય, સમૂહ રહેઠાણ વ્યવસ્થા અને તેના વિકાસનો ઈતિહાસ ઘણો પ્રાચીન સમયથી અને વૈવિધ્યસભર રહ્યો છે. આપણે અગાઉનાં અંકમાં ઐતિહાસિક અને પ્રાચીન વીરાસતોનો ખ્યાલ મેળવ્યો અને એ સમય દરમ્યાન થયેલ આર્થિક અને સામાજીક મુદ્દાઓની વાત કરી. અંગ્રેજોના ગયા પછી આઝાદ હિન્દુસ્તાનમાં ગામડાઓ મહત્વનું કેન્દ્રબિન્દુ રહ્યા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ગ્રામ વિકાસને રાષ્ટ્રીય પુનઃનિમાર્ણનું કેન્દ્રબિન્દુ માનતા હતા. ગામડુ એ ભારતનું હૃદય છે એવું માનતા હતા. ગામડાઓનું વિકાસની દ્રષ્ટીએ પુનઃનિર્માણ થાય તેવો ધ્યેય રાખ્યો હતો. મહાત્મા ગાંધી લિખિત " ગ્રામ સ્વરાજ" ખરા અર્થમાં વાંચવા જેવું ખરૂ અને ગ્રામ ઉત્થાન સાથે જોડાયેલા સામાજીક / રાજકીય નેતાઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ ગ્રામ સ્વરાજના મંત્રને સાર્થક કરવો પડશે, લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે દેશના ખેડૂતોને હેરાન-પરેશાન કરતા કાયદાઓ સામે લડત આપી અને દેશની જનતાના દિલમાં લોખંડી પુરુષ તરીકે સ્થાન પામ્યા. સહકારીતાના પાયામાં પણ સરદાર પટેલનું યોગદાન રહ્યુ છે. પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીનાં એકાત્મ માનવવાદનાં તત્વજ્ઞાનમાં સમાજના સૌથી નબળા, પછાત, ગરીબ, શોષિત, વંચિતો સુધી વિકાસના ફળો પહોંચવા જોઈએ, વિકાસનું મોડેલ પશ્ચિની દેશોની નકલ નહિ પણ ભારતીય સંસ્કૃતિ અને જરૂરિયાતો અનુરૂપ હોવુ જોઈએ. આપણે આ દેશના મહાપુરુષોના વિચારો અને એમણે આપેલી દિશાની વાત કરી. દેશમાં પ્રારંભિક વિકાસની પંચવર્ષિય યોજનામાં ૧૯૫૧ થી ૧૯૫૬ના ગાળામાં કૃષિ અને ગ્રામીણ વિકાસ અને વીજળીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૫૬ થી ૧૯૬૧ની પંચવર્ષિય યોજનામાં સહકારી સોસાયટીઓ અને ગ્રામ ઉદ્યોગો ઉપર ભાર મુકવામાં આવ્યો હતો અને વિકાસની વાટને સરકાર દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો. ત્રીજી પંચવર્ષીય યોજના ૧૯૬૧ થી ૧૯૬૬ દરમ્યાન આત્મનિર્ભરતા અને ખેતી અને ઉદ્યોગો વચ્ચે સંતુલન અને સમાન વિકાસની શકયતાઓ ઉપર કામની શરૂઆત થઈ જેમાં કૃષિ ક્ષેત્રે મશીનરીની જરૂરિયાત અને ઉપલબ્ધતા, ખેતીમાં વિકાસ, રાસાયણિક ખાતરો અને નવી ટેકનોલોજીના વિકાસ થકી ઉત્પાદન વધારવું. દૂધ, દાળ અને અનાજનું ઉત્પાદન વધારવું. શ્રમ આધારીત ગૃહઉદ્યોગ અને નાની ઈન્ડ્રસ્ટ્રીઝના વિકાસ માટેની યોજનાઓની શરૂઆત થઈ હતી. સૌથી અગત્યનું પાસુ અને જરૂરિયાત એવી શિક્ષણ પધ્ધતિમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો સમાવેશ થયો. આપણે ક્રમશઃ વિકાસની યોજનાઓની વાત કરીશું.





**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા

**:: તિખારો ::**

**બધાને રાજી રાખવા શકય નથી પણ બધાથી રાજી રહેવું સરળ છે. નિઃસ્વાર્થ સંબંધોનું આયુષ્ય લાંબુ હોય છે. પછી એ સંબંધ લોહિનો હોય કે લાગણીઓનો...**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી



# અઠવાડિક ખેતી કાર્યો

મગફળીઃ મગફળીમાં વધુ ઉત્પાદન લેવા મગફળી જ્યારે ૩૦ દિવસની થાય ત્યારે ખાસ કરીને નાઈટ્રોજન, ફોસ્ફરસ અને સલ્ફરના બેક્ટેરિયા વાપરવા જરૂરી છે. આ માટે રાઈઝોબીયમ કલ્ચર , પીએસબીના તેમજ થાયોબેસીલાસ બેક્ટેરિયાનો ઉપયોગ કરવાથી સારું પરિણામ મળે. માઈક્રોરાઈયજા મગફળીમાં ઉપયોગ કરવો જોઈએ કે જ્યારે મગફળી ૩૦ દિવસથી નાની હોય તેને ૧૯:૧૯:૧૯ ૧૦૦ ગ્રામ સાથે સાયગ્રીગાયકોલનો પંપમાં નાખી છંટકાવ કરવો. ૪૦ દિવસની થાય ત્યારે મગફળીમાં ૧૨:૬૧:૦ ૧૦૦ ગ્રામ સાથે સુક્ષ્મ તત્વોનું મિશ્રણ ગ્રેડ-૪ ૨૦-૨૫ ગ્રામ પંપમાં નાખી છંટકાવ કરવો. મગફળી ૪૫ દિવસની થાય ત્યારે ૦:૫૨:૩૪ ૧૦૦ ગ્રામ પંપમાં નાખી છંટકાવ કરવો. વધુ પડતા ભેજ અને વાદળછાયાં વાતાવરણમાં ચૂસિયાં જીવાતોનો ઉપદ્રવ વધવાની શક્યતા છે, તેથી ખેતી પાકોનું નિરીક્ષણ કરતા નિયંત્રણ કરવાની જરૂરિયાત ઉભી થાય તો યોગ્ય શોષક પ્રકારના કીટનાશકનો છંટકાવ કરવો.

**દિવેલા : વાવણી સમય :**

● પિયત ખેતી માટે દિવેલાની વાવણી ૧૫ મી ઓગષ્ટ પછી કરવાથી પાકને ઘોડીયા ઈયળ તથા ડોડવા કોરી ખાનાર ઈયળોના ઉપદ્રવથી બચાવી શકાય છે. આમ છતાં જુદી જુદી જાતો પ્રમાણે ભલામણો નીચે પ્રમાણે છે.

**૧ જીએયુસીએચ.૧**

● જુલાઈના અંતથી ૧૫ ઓગષ્ટ સુધીમાં વાવણી કરવી.

**૨ જી.સી.એચ.૨**

**૩ જી.સી.એચ.૬**

● ૪ જી.સી.એચ.૪ ઓગષ્ટ મધ્યમાં વાવણી કરવી.

● ૫ જી.સી.એચ.૫ ઓગષ્ટ મધ્યથી સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયા સુધીમાં વાવણી કરવી. રવિ દિવેલાની વાવણી ૧૫ ઓક્ટોબર આસપાસ કરવી. રવિ ઋતુની વાવણી માટે જી.સી.એચ.૫ જાત ભલામણ કરેલ છે.

● ૬ જી.સી.એચ.૭, જી.સી.એચ-૯ ખરીફ દિવેલાની વાવણી ઓગષ્ટના બીજા પખવાડિયા સુધીમાં કરવી.

● બિયારણનો દર : ૬ કિલો / હેકટરે, બીજને બાવિસ્ટીન ૨ ગ્રામ અથવા થાયરમ ૩ ગ્રામ કિલો દીઠ પટ આપવો.

● પાકમાં રાસાયણિક ખાતર : ૧૨૦+૫૦+૫૦ ના. ફો. પો. આપવું.

● નાઈટ્રોજન અને પોટાશ પાયામાં ૫૦% તેમજ નાઈટ્રોજન બાકી રહેલ બે હપ્તામાં તથા પોટાશ ૪૫ દિવસે બાકીનો જથ્થો આપો.

● ખારા પાણીમાં દિવેલા ઉગાડવા જીસી-૩ જાતનું વાવેતર કરવા ભલામણ છે. રાસાયણિક ખાતર સાથે છાણીયું ખાતર ૧૦ ટન તથા જીપ્સમ ૩ ટન હેકટરે નાખવું.

**મગફળીઃ** ચોમાસા દરમ્યાન વરસાદ પૂરતો અને સપ્રમાણ વહેંચણી થયેલ હોય તો મગફળી પાકને વધારાનું પિયત આપવાની જરૂર રહેતી નથી.

પરંતુ, જો ફૂલ આવવા, સૂયા ઉતરવા અને ડોડવામાં દાણાના વિકાસ થવાની અવસ્થાએ વરસાદ ન હોય અને જમીનમાં ભેજની ખેંચ જણાય તો વધારાનું પિયત આપવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે.

દરિયાકાંઠાની હલકી પ્રતવાળી છીછરી જમીનમાં વરસાદની અછતમાં પાકને બચાવવા પુરતું જ કૂવાના પાણીથી પિયત આપવું. મુંડાના નિયંત્રણ માટે પહેલો સારો વરસાદ થયા પછી શેઢા-પાળા પર આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડના ડાળા હલાવી નીચે પડેલ ઢાલિયાને વીણાવી લઈ કેરોસીનવાળા પાણીમાં નાશ કરવો. ખેતરની ચારે બાજુ આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડ ઉપર કાર્બારીલ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**થડ / ડોડવાનો સડોઃ લક્ષણો :** જમીનની લગોલગ તથા અંદર થડ ઉપર આછા ભુખરા રંગનાં ધાબા દેખાય. થડ ઉપર સફેદ ફૂગના તાંતણા દેખાય જેમાં ફૂગની ગોળાકાર સફેદ રંગની પેશીઓ બને. વખત જતા આ પેશીઓ (સ્કલેરોશીયા) રાઈના દાણા જેવી બને છે. સફેદ ફૂગ ડોડવા પર પણ જોવા મળે. જેને કારણે દાણાં જાંબુડીયા રંગના થઈ જાય. રોગ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો આખો છોડ સફેદ ફૂગના તાંતણાંથી ઘેરાઈ જાય. અંતે આખો છોડ સુકાઈ જાય છે.

**નિયંત્રણ :** આ રોગ ખાસ કરીને જમીન મારફતે ફેલાય છે. ધાન્ય પાકોની પાક ફેરબદલી કરવી. જમીનમાં સેડવેલ સેન્દ્રીય ખાતર નાંખવું. અસરગ્રસ્ત વિસ્તારમાં મગફળીમાં પાળા ન ચડાવવા.

**કપાસઃ** ખાતર આપવાની રીતોઃ સામાન્ય રીતે કપાસના પાકમાં ખાતર છાંટીને, જમીનની અંદર ખેતી ઓજારો દ્વારા પાકના પાન ઉપર સીધો છંટકાવ કરાવીને (ખાસ કરીને નાઈટ્રોજન તત્વ), પાકમાં આપવાનાં પાણી સાથે વિગેરે દ્વારા આપી શકાય છે.

નાઈટ્રોજન યુકત ખાતરો પાકનાં જીવનકાળ દરમ્યાન જરૂરિયાત મુજબ એક કરતાં વધારે હપ્તામાં આપવામાં આવે છે. પૂર્તિ ખાતર આપવાનો આધાર પાકનો પ્રકાર, પાક લેવાનો હેતુ, પાકનો જીવનકાળ, જમીનનો પ્રકાર, પિયત વ્યવસ્થા વિગેરે ઉપર આધાર રાખે છે. કપાસના તેમજ પાકમાં નિંદામણ કર્યા પછી જ પૂર્તિ ખાતર આપવું જોઈએ.

કપાસના પાકમાં સંકલિત જીવાત નિયંત્રણઃ સામાન્ય રીતે કપાસ પાકમાં જીવાત નિયંત્રણ માટે ૬(છ) પદ્ધતિઓ જેવી કે,(૧) કર્ષણપદ્ધતિ, (૨) યાંત્રિક પદ્ધતિ, (૩) ભૌતિક પદ્ધતિ, (૪) ફેરોમેન ટ્રેપનો ઉપયોગ, (૫) જૈવિક નિયંત્રણ અને (૬) રાસાયણિક પદ્ધતિ. આ બધી જ પદ્ધતિઓનું જીવાતની પ્રવૃત્તિ અને ખાસિયતોને ધ્યાને લઈ તેનું સંકલન કરી દરેક પદ્ધતિઓનો થોડો ફાયદો મેળવી જીવાત નિયંત્રણ કરવાથી તેનું અસરકારક પરિણામ મેળવી શકાય છે.

કપાસમાં સંકલિત જીવાત નિયંત્રણ માટે નીચે જણાવેલ પદ્ધતિઓને કપાસની વૃધ્ધિ અવસ્થાએ તેમજ જુદી જુદી જીવાતોના નુકસાન અને ખાસિયતોને ધ્યાને લઈ સમયાંતરે તેનો ઉપયોગ કરવો જોઈએ.

● પાકની ફેરબદલી કરવી ● ફેરોમેન ટ્રેપ ગોઠવી જીવાતની મોજણી કરવી ● પિંજર પાક દિવેલાની વાવણી કરી લશ્કરી ઈયળનું નિયંત્રણ કરી શકાય છે. ● પિંજર પાક ગલગોટાની વાવણી કરી લીલી ઈયળનું નિયંત્રણ કરી શકાય છે. ● ખેતરમાં પરજીવી પરભક્ષીઓની જાળવણી કરવી ● પરજીવી ટ્રાયકોગ્રામાનો ઉપયોગ કરી જીંડવાની ઈયળનું નિયંત્રણ કરી શકાય છે. ● પરભક્ષી ક્રાયસોપાનો ઉપયોગ કરી ચૂસિયા પ્રકારની અને જીંડવાની ઈયળોને કાબુમાં રાખી શકાય છે.

કપાસમાં લીલી ઈયળ અને લશ્કરી ઈયળ માટેનું વિષાણુંયુકત દ્રાવણ(એન.પી.વી.) અનુક્રમે ૪૫૦ અને ૨૫૦ ઈયળ યુનિટ પ્રતિ હેકટરે છાંટવાથી ઈયળોમાં રોગ ઉત્પન્ન થાય છે અને ઈયળ નાશ પામે છે.

ખેતરમાં પક્ષીઓને બેસવાની વ્યવસ્થા ગોઠવવી : ચૂસીયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ● બ્યુવેરીયા બાસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ + ડાયમીથોએટ ૧૦ થી ૧૫ મિ.લિ. પ્રતિ પંપ ● બ્યુવેરીયા બાસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ + થાયોમીથોકઝામ ૩ થી ૪ ગ્રામ પ્રતિ પંપ ● બ્યુવેરીયા બાસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ + કાર્બોસલ્ફાન ૭ થી ૧૦ મિ.લિ. પ્રતિ પંપ

**સુકારો :** કપાસના ધરુ મૃત્યુનો રોગ વાવેતર બાદ એક માસ દરમ્યાન આવતો હોઈ , છૂટાછવાયા નાના ધરુ સુકાતા જોવા મળે કે તુરત ડાયથેન એમ – ૪૫, અથવા કોપર ઓકઝીકલોરાઈડ અથવા કાર્બેન્ડાઝીમ મિશ્રણ સુકાતા છોડની આજુબાજુના ૫૦ – ૬૦ છોડના થડ પાસે રેડવું તથા ૪ થી ૫ દિવસ પછી યુરિયા કે એમોનિયમ સલ્ફેટ આપવું.

**અડદ :** નિંદણ નિયંત્રણ માટે ફલીઝાલોફોપ – ઈથાઈલ ૪૦ ગ્રામ/હે. વાવેતર બાદ ૨૦ દિવસે છંટકાવ કરવો. ચણા અને મગ તથા અન્ય પાકમાં મૂળખાઈ સુકારા માટે ટ્રાઈકોર્ડમાં વીરીડી અથવા ટ્રાઈકોર્ડમાં હરજીયાનમનો ઉપયોગ કરો.

**તુવેરઃ** તુવેરનાં બિયારણનો દર ૧૫ થી ૨૦ કિલો હેકટર રાખવો અને બીજને કાર્બેન્ડાઝીનની માવજત આપવી. વાવેતર ૧૦ ઓગષ્ટ સુધીમાં કરી દેવું અને ખાતર ૧૧૦ કિલો ડીએપી આપવું.

**રીલે પાક :** આંતર રીલે પાકમાં બે મગફળીની લાઈન પછી એક તુવેર અથવા ત્રણ મગફળીની લાઈન પછી એક એરંડાની લાઈનનું વાવેતર કરવું.



**ડુંગળીનું ધરૂ ઉછેર :**

● એક હેક્ટર માટે ૪ થી ૫ ગુઠામાં ધરૂનું વાવેતર કરવું. જમીનનું સોલેરાઈઝેશન કરવું.

● ધરૂવાડીયામાં બે ટન છાણીયું ખાતર તેમજ ૫ થી ૬ કિલોગ્રામ યુરિયા અને ૪ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ જમીનમાં ભેળવવું.

● ગાદી કયારા ૪ થી ૫ મીટર લાંબા, ૧.૫ મીટર પહોળા અને ૧૫ સે.મી. ઉંચાઈના બનાવવા. જેથી કયારામાં પાણી ભરાઈ ન રહે અને ધરૂના કહોવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.



● એક હેક્ટરના વાવેતર માટે ૮ થી ૧૦ કિલોગ્રામ બિજની જરૂર પડે છે.

● બીજને વાવતા પહેલા થાયરમ ૩ ગ્રામ દવાનો એક કિલો બીજ દીઠ પટ આપવો.

● ત્યાર બાદ ૩ ઈંચના અંતરે લાકડાની પંજેટીથી ચાસ ખોલવા / પાડવા અને તેમાં બીજ હરોળમાં વાવવા.

● આ બીજ વાવેલા ચાસને હળવી લીલી શેડોનેટ ઢાંકી દેવી. ત્યારબાદ સવાર – સાંજ ઝારાથી પાણી આપવું.



● દસ દિવસ પછી ઉપરની શેડોનેટ કાઢી નાખવી અને ધરૂમાં કહોવારો આવ્યો હોય અથવા ન આવે તે માટે રીડોમીલ ૨ થી ૩ ગ્રામ ૧૦ લિટર પાણીમાં લઈ ઝારાથી ૧ ચોરસ મીટર વિસ્તારમાં ૩ લિટર પ્રમાણે આપવું.

● ધરૂવાડીયામાં સમયસર પિયત, પાક સંરક્ષણ તેમજ નિંદામણ કરતા રહેવું.

**લીંબુઃ**

● જો લીંબુના પાકને ફુલો આવવાના સમયમાં ફેરફાર કરી ઉનાળાના સમય દરમ્યાન વધારે ઉત્પાદન મેળવી શકાય તો લીંબુની ખેતી વધારે નફાકારક બનાવી શકાય.

આવું કરવા માટે ઓકટોબર - નવેમ્બર માસમાં વધુ ફુલો લાવવા જરૂરી છે.

● આ માટે ચોમાસું પુરૂ થયા બાદ વાડીને ખેડી ગોડી નાખવી અને જમીનને ૨૦ દિવસ સુધી તપવા દેવી.

● સુકી અને રોગિષ્ઠ ડાળીઓ કાપી દૂર કરવી અને બોર્ડો મિશ્રણનો છંટકાવ કરવો.

● વીસ દિવસ બાદ ભલામણ પ્રમાણે ખાતરો આપી હળવું પિયત આપવું જેથી ફુલો આવવાની શરૂઆત થશે.

● ઘણી વખત આવી માવજત આપ્યા બાદ વધારે વાનસ્પતિક વૃધ્ધિ થવાથી ફુલો આવતા નથી.

● આવા સંજોગોમાં ૧૦ પી .પી.એમ., ૨, ૪-ડી અથવા ૫૦ પી.પી.એમ., એન.એ.એ. નો ૧ ટકા યુરિયાના દ્રાવણ સાથે છંટકાવ કરવો. વધુમાં લીંબુના ફળો બરાબર બેસી ગયા બાદ ૨ ટકા યુરિયા સાથે ૨૦ પી.પી.એમ., એન.એ.એ. ના ૧ થી ૨ છંટકાવ કરવાથી ફળનું ખરણ ઘટે છે અને ફળના કદ અને વજનમાં વધારો થાય છે.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ. ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

# મગફળીના પાકમાં આવતા ઉગસૂકના રોગની ઓળખ અને તેનું વ્યવસ્થાપન

ડો. વિશ્રુતા ડી. બાબરીયા, ડો. પી.જે. ડાવરીયા, ડો. ડી.એસ. કેલૈયા અને ડો. વી.સી. ગઢીયા
કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારીયા (અમરેલી)

મગફળી તેલીબીયા પાકોનો રાજા ગણાતો મૂલ્યવાન રોકડ પાક છે, જે તેની આર્થિક અને પૌષ્ટિક કિંમતને લીધે લાખો નાના ખેડૂતોએ ઉગાડે છે. મગફળી એક વિદેશી હુંડીયામણ રળી આપનારો પાક હોવાથી મોટાભાગના ખેડૂતો દ્વારા વેપાર આધારિત ખેતી હેઠળ, મગફળી એકલ પાક તરીકે ઉગાડવામાં આવે છે, જ્યારે કેટલીકવાર મિશ્ર અથવા આંતરપાક તરીકે પણ જોવા મળે છે. મગફળી માત્ર ખેડૂતો માટે એક આવકનું સાધન નથી, પરંતુ માનવ આરોગ્ય માટે પૌષ્ટિક તત્વોનો ભંડાર છે. મગફળી પૌષ્ટિક તત્વોથી ભરપૂર છે તથા ૧૦૦ ગ્રામ મગફળીમાં આશરે ૨૫.૮ ગ્રામ પ્રોટીન, ૧૬.૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટ અને ૮.૫ ગ્રામ ફાઈબર હોય છે. તેમાં કેલ્શિયમ, લોહતત્ત્વ, મેગ્નેશિયમ, વિટામિન E અને B સમૂહ (ખાસ કરીને નિયાસીન) પણ સમાયેલ છે. તેનો બહુમુખી ઉપયોગ અને ઉંચી માંગ તેને ખેતી માટે એક લાભદાયક અને લાંબાગાળાનો પાક બનાવે છે. આર્થિક અને પૌષ્ટિક મૂલ્ય વધુ હોવા છતાં, તેની ઉત્પાદકતા અનેક ઘટકો દ્વારા અવરોધાય છે, જેમાં અજૈવિક તથા જૈવિક પરિબળોનો સમાવેશ થાય છે. જૈવિક પરિબળોમાં મુખ્યત્વે વિવિધ પ્રકારના રોગો મગફળીની ગુણવત્તા અને ઉત્પાદકતા પર અસર કરે છે. મગફળીના પાકમાં આવતા ઉગસૂકના રોગની ઓળખ, નુકસાન અને તેના સંકલિત નિયંત્રણ વિશેની માહિતી નીચે મુજબ આપેલી છે.

**૧. ઉગસૂકના રોગની ઓળખઃ**

જમીનજન્ય ફુગ એસ્પરજીલસ નાઈજરથી થતા આ રોગને તરકીડીનો રોગ, કંઠનો સુકારો, કોલાર રોટ અથવા સીડ રોટ તરીકે ઓળખવામાં આવે છે. આ રોગ ચોમાસું ઋતુમાં મધ્યમ કાળી જમીન ધરાવતા વિસ્તારો ખાસ કરીને જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં વધુ પ્રમાણમાં દેખાય છે. રોગકારક ફૂગ જમીનમાં લાંબા સમય સુધી ઉંચા તાપમાને જીવંત રહી શકે છે. ફૂગ શુષ્ક અને ગરમ વાતાવરણમાં ઝડપથી ફેલાય છે. સંગ્રહ કરેલા બિયારણમાં ભેજનું વધુ પ્રમાણ, મોડું વાવેતર, બીજનું વધુ પડતું ઊંડું વાવેતર, ઉચું તાપમાન તેમજ વાવેતર પછી વરસાદની ખેંચ વગેરે પરિબળો આ રોગ થવા માટેના કારણો છે. મુખ્યત્વે આ રોગ ૨ ભાગના લક્ષણમાં થાય છે.

**લક્ષણોઃ**

● **અંકુરણ પહેલાં (Pre-emergence stage):**

બીજ જમીનમાં વાવ્યા પછી બીજનું સ્ફુરણ થાય તે પહેલા બીજ પત્રો સડી જાય છે. બીજ ઉગવાની શક્તિ ગુમાવે છે જેથી બીજમાંથી અંકુરણ થતું નથી. આવા બીજને જમીનમાંથી બહાર કાઢી જોવામાં આવે તો કાળા કે ભૂરા રંગના સડી ગયેલા બીજ જોવા મળે છે. બીજનું અંકુરણ ના થવાથી ચાસમાં ખાલા જણાય છે. બીજના ઉગ્યા પહેલા આવતા આ રોગને આગોતરો સુકારો કહેવાય છે.

● **અંકુરણ પછી (Post-emergence stage):**

છોડનું જમીનમાંથી સ્ફુરણ થઈ ગયા બાદ લગભગ દોઢ માસ સુધી આ ફૂગને કારણે નુકસાન થતું જોવા મળે છે. નાના છોડ અચાનક સુકાઈ જાય છે. મૂળના ઉપરના ભાગે (collar region) કાળો કે કોઠી રંગનો સડો દેખાય છે. આવા રોગીષ્ટ છોડ જમીનની સપાટી પાસે નરમ પડીને સુકાઈ જાય છે. સડેલી જગ્યાએ કાળા રંગની ફૂગ જેવા ધબ્બા (fungal growth) દેખાય છે. સડેલા ભાગ પર એસ્પરજીલસ ફૂગના કાળા સ્પોર જોવા મળે છે. વિકસિત છોડમાં આ રોગ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. વિકસિત છોડ આ રોગને કારણે નબળો અને વિકાસમાં પાછળ રહી જાય છે. પાંદડાં પીળા પડવા લાગે છે અને છેલ્લે સુકાઈ જાય છે. ધરતી ઉપરનો ભાગ સુકાઈ જાય છે પરંતુ મૂળના ભાગ પાસે સડો જોવા મળે છે.

**નિયંત્રણઃ**

● મગફળીના વાવેતર માટે પ્રમાણિત કરેલ ઉચ્ચ ગુણવત્તાવાળું સારું બિયારણ વાપરવું જોઈએ.

● નુકસાન વિનાના મગફળીના બીજ વાવેતર માટે ઉપયોગમાં લેવા તેમજ મગફળીના બીજને ભેજવાળી જગ્યાએ સંગ્રહ કરવો નહિ.

● આંતરખેડ દરમ્યાન છોડને નુકસાન ન થાય તેની ખાસ કાળજી રાખવી.

● વહેલું વાવેતર કરવું તેમજ ઘઉં અને ચણા જેવા પાક સાથે પાકની ફેરબદલી કરવી.

● એરંડીનો ખોળ અથવા લીમડાનો ખોળ વાવેતર સમયે ચાસમાં ૫૦૦ કિ.ગ્રા./ હેક્ટર મુજબ આપવો.

● બીજને વાવતા પહેલા એક કિ.ગ્રા. બીજ મુજબ કેપ્ટાન અથવા થાયરમ કે મેન્કોઝેબ કે કાર્બેન્ડેઝીમ + મેન્કોઝેબ દવાનો ૩-૪ ગ્રામ અથવા ટેબુકોનાઝોલ ૧.૨૫ ગ્રામ અથવા પ્રોક્લોરાઝ ૫.૭ + ટેબુકોનાઝોલ ૧.૪% દવાનો ૩ મિ.લિ. પ્રમાણે પટ આપીને વાવેતર કરવું.



● સજીવ ખેતી કરતા ખેડૂતોએ સ્યુડોમોનાસ અથવા ટ્રાઈકોડર્મા જેવા જૈવિક ઘટકનો બીજને વાવતા પહેલા ૧૦ ગ્રામ/કિ.ગ્રા. બીજ દીઠ પટ આપી વાવેતર કરવું.

● મગફળી ઉપાડી લીધા બાદ તેને તાત્કાલિક સૂર્યતાપમાં રાખવી અને ભેજ રહિત જગ્યાએ સંગ્રહ કરવો જેથી ફૂગનો ચેપ લાગે નહિ.





# સરગવો એક, લાભ અનેક

સરગવો એ મોરીગેસી કુળનું વિશ્વનું અગત્યનું અને અદ્ભુત ઝાડ છે. સરગવો શાકભાજી વૃક્ષ તરીકે દેશ અને દુનિયામાં સારી ખ્યાતિ ધરાવે છે. સરગવો હિન્દીમાં સહજન અને અંગ્રેજીમાં ડ્રમસ્ટીક નામથી જાણીતો છે. આ ઝાડનું પોષણ મૂલ્ય, ઔષધિય અને ઔદ્યોગિક ઉપયોગ સાથે ખેતીમાં એક રોકડિયા પાક તરીકે ટૂંકા ગાળામાં વધારે આવક અને ઉત્પાદનના કારણે હવે સર્વત્ર આ પાક પ્રસિદ્ધિ પામતો જાય છે. તેનું ફળ/શીંગો પાતળી, લાંબી અને લીલા રંગની હોય છે. તેના ઝાડના બધા જ ભાગોનો ઉપયોગ આયુર્વેદની દ્રષ્ટિએ થાય છે. કિચન ગાર્ડનમાં અને અગાસીમાં કૂંડામાં પણ સરગવાના છોડ ઉગાડી શકાય છે. કઢી, સંભાર, રસમ, સૂપ અને દાળમાં સરગવાની શીંગો વપરાય છે. કટલેસમાં તેનો ઉપયોગ ફલેવર તરીકે થાય છે. સરગવાની શીંગો અને પાનનો પાવડર, સરગવાની ચા, સરગવાની ઓમલેટ, સરગવાની શીંગોનું શાક, સરગવાના તાજા ફુલોનું શાક તથા સોસ જેવી બનાવટોમાં સરગવાનો ઉપયોગ થાય છે. **સરગવાના ફાયદા :**

● નિયમિત ઉપયોગ કરવાથી એનિમિયા દૂર થાય છે.

● ગર્ભવતી મહિલા તેમજ ધાત્રીમાતાના સ્વાસ્થ્ય માટે લાભપ્રદ છે.

● બાળકોમાં કુપોષણ દૂર કરે છે.

● સમગ્ર સ્વાસ્થ્યમાં સુધારો કરે છે અને પોષણ તેમજ ઉર્જા આપે છે.

● પ્રોટીન, મિનરલ્સ અને વિટામિનનો મોટો સ્ત્રોત છે.

● ફાઈબરનું પ્રમાણ વધારે હોવાથી કબજીયાતને દૂર કરે છે.

● કેલ્શિયમનું પ્રમાણ વધારે હોવાથી હાડકાને મજબૂત કરે છે.

● શરીરમાં રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે.

● શીંગો અને પાદડા ખાવાથી લોહી શુદ્ધ થાય છે અને આંખોની રોશની વધે છે.

● વિટામિન બી-૬, સી.એ.ઈ. આયર્ન, મેગ્નેશિયમ, પોટેશીયમ, ઝીંક, કેલ્શિયમ વગેરે તત્વો મળે છે.

● સરગવાના પાનમાં કેલ્શિયમની માત્રા ખૂબ જ વધારે પ્રમાણમાં હોય છે.

● વિટામિન-એ વધારે હોવાથી ચહેરાની સુંદરતા વધારે છે. તેના તેલનો ઉપયોગ સૌદર્ય પ્રસાધનોમાં થાય છે.

● વા અને વાના સંબધિત રોગો જેવા કે સાંધાનો દુઃખાવો વગેરેમાં ફાયદાકારક છે.



**પાનનો પાઉડર બનાવવાની રીત :**

સરગવાના લીલા પાન તોડી તેને છાયડામાં સુકવી ત્યાર પછી મીકસર અથવા હાથઘંટીમાં દળીને પાઉડર તૈયાર કરવો. ૧૦ કિ.ગ્રા. લીલા પાન સુકવતા તેમાંથી આશરે ૩ કિગ્રા સુકા પાન મળે અને આ પાનને ઘંટીમાં દળતા ૨.૫ કિ.ગ્રા. ચોખ્ખો પાઉડર મળે છે.



**શીંગોનો પાઉડર બનાવવાની રીત :**

સરગવાની લીલી શીંગોને છાયડામાં સુકવીને તેનો પાઉડર બનાવતા ૧૦ કિ.ગ્રા. લીલી શીંગોમાંથી ૩ કિ.ગ્રા. પાઉડર મળે છે.



શ્રીમતી બબીતા રામનિવાસ
વિષય નિષ્ણાંત (ગૃહ વિજ્ઞાન)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા

# પંજાબમાં ધાર્મિક ગ્રંથોનું અપમાન કરવા બદલ આજીવન કેદ સુધીની સજા, વિધાનસભામાં બિલ રજૂ

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૨૦

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ શનિવારે કહ્યું કે રાજ્ય વિધાનસભામાં રજૂ કરાયેલ 'અપવિત્રતા વિરોધી બિલ' ધાર્મિક ગ્રંથોનું અપમાન કરનારાઓને કડક સજા સુનિશ્ચિત કરશે. માનએ અપવિત્રતાની ઘટનાઓને રોકવા માટે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. આમ આદમી પાર્ટીની આગેવાની હેઠળની સરકારે ૧૪ જુલાઈના રોજ પંજાબ વિધાનસભામાં 'પંજાબ પ્રિવેન્શન ઓફ ઓફેન્સિસ અગેઈન્સ્ટ હોલી સ્ક્રિપ્ચર્સ બિલ ૨૦૨૫' રજૂ કર્યું, જેમાં ધાર્મિક ગ્રંથોનું અપમાન કરનારા કૃત્યો માટે આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે. મુખ્યમંત્રી માનએ પોતે ગૃહમાં આ મહત્વપૂર્ણ બિલ રજૂ કર્યું હતું. રાજ્ય વિધાનસભાએ પ્રસ્તાવિત કાયદા પર ધાર્મિક સંસ્થાઓ સહિત જનતાનો અભિપ્રાય મેળવવા માટે



બિલને ગૃહની પસંદગી સમિતિને મોકલ્યું છે. આ પગલાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કાયદો તમામ સંબંધિત પક્ષોની ચિંતાઓ અને સૂચનોને ધ્યાનમાં લે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ એક સંવેદનશીલ અને ગંભીર મુદ્દો છે જે તમામ પંજાબીઓને અસર કરે છે. તેમણે કહ્યું કે અપમાનની ઘટનાઓ વર્તમાન અને ભાવિ પેઢીઓ પર દૂરગામી અસરો પાડશે, તેથી આવા ગુનાઓને રોકવા માટે કડક સજા જરૂરી છે. દરમિયાન શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિને ઈ-મેલ દ્વારા સુવર્ણ મંદિરને ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી.

# ચીને બ્રહ્મપુત્ર નદી પર બંધ બનાવવાનું શરૂ કરતા ભારત અને બાંગ્લાદેશની ચિંતા વધી

નવીદિલ્હી,તા.૨૦

ચીન ભારતીય સરહદને અડીને આવેલા ઘણા વિસ્તારોમાં સતત કેટલાક બાંધકામ કાર્ય કરી રહ્યું છે. ભારતના સતત વાંધાઓ છતાં, ચીને તેની યોજના બદલી નથી અને વિશ્વનો સૌથી મોટો બંધ બનાવવાનું કામ શરૂ કર્યું છે. આ કામ શનિવારે, અરુણાચલ પ્રદેશમાં ભારતીય સરહદ નજીક તિબેટમાં બ્રહ્મપુત્ર નદી પર શરૂ થયું હતું.



આ વિશાળ ડેમના નિર્માણમાં લગભગ $૧૬૭.૮ બિલિયન (લગભગ રૂ. ૧,૪૪,૬૨,૩૨,૯૬,૨૦,૦૦૦) ખર્ચ થશે. સત્તાવાર મીડિયા અનુસાર, ચીનના વડાપ્રધાન લી કિયાંગે બ્રહ્મપુત્ર નદીના નીચલા ભાગમાં આવેલા નિંગચી શહેરમાં એક ભૂમિપૂજન સમારોહમાં ડેમના બાંધકામની શરૂઆતની જાહેરાત કરી હતી, જેને સ્થાનિક રીતે યાર્લુંગ ઝાંગબો તરીકે ઓળખવામાં આવે છે. તિબેટ સ્વાયત્ત પ્રદેશના નિંગચીમાં મેનલિંગ હાઈડ્રોપાવર સ્ટેશનના ડેમ સાઈટ પર ભૂમિપૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, વિશ્વના સૌથી મોટા માળખાગત પ્રોજેક્ટ તરીકે ગણાતા આ હાઈડ્રોપાવર પ્રોજેક્ટે નીચલા કાંઠાના દેશો, ભારત અને બાંગ્લાદેશમાં ચિંતા વધારી છે.

# લોકોના વિરોધ બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે લિજેન્ડ્સની મેચ રદ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની બીજી સિઝન ૧૮ જુલાઈએ શરૂ થઈ હતી, જેમાં ૨૦ જુલાઈએ એજબેસ્ટન મેદાન પર ભારત ચેમ્પિયન અને પાકિસ્તાન ચેમ્પિયન વચ્ચે મેચ રમવાની હતી. ભારતીય ચાહકો તરફથી આ મેચ અંગે ઘણી ટીકા થઈ હતી, ત્યારબાદ હવે ટૂર્નામેન્ટનું આયોજન કરતી આયોજક સમિતિએ મેચ રદ કરવાનો નિર્ણય લીધો છે. ઈન્ડિયા ચેમ્પિયન્સ ટીમનો ભાગ રહેલા હરભજન સિંહ, શિખર ધવન, યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણે પહેલાથી જ આ મેચમાં રમવાનો ઈનકાર કરી દીધો હતો. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ખૂબ જ ખરાબ થઈ રહ્યા છે, જેના પછી દરેક ક્ષેત્રમાં તેની અસર જોવા મળી રહી છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની બીજી સિઝનમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અંગે પહેલાથી જ ઘણી ટીકા થઈ રહી હતી.

# રત્નાગિરી જિલ્લામાં દરિયાના મોજામાં ફસાઈ જતાં ચાર લોકોના ડૂબી જવાથી મોત

મુંબઈ,તા.૨૦

રત્નાગિરી જિલ્લામાં દરિયામાં ડૂબવાથી ચાર લોકોના મોત થયા છે. આ અકસ્માત શનિવારે સાંજે આરે-વેર બીચ પર બન્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ ચારેય લોકો બીચ પર ફરવા ગયા હતા. આ દરમિયાન, દરિયાના મોજામાં ફસાઈ જવાથી ચારેય લોકો પાણીમાં ડૂબી ગયા. હાલમાં, ચારેયના મૃતદેહ મળી આવ્યા



છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે એક પ્રવાસીએ તેમને ડૂબતા જોયા હતા, પરંતુ દરિયાના મોજાને કારણે તે તેમને બચાવી શક્યો ન હતો. હાલમાં, બધાના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. માહિતી અનુસાર, થાણે-મુમ્બ્રાથી ચાર પ્રવાસીઓ આરે-વેર બીચ પર ફરવા ગયા હતા. તેમાં ત્રણ મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. શનિવારે સાંજે, બધા લોકો બીચ પર ચાલી રહ્યા હતા, ત્યારે તેઓ મોજામાં ફસાઈ ગયા અને ડૂબી ગયા. આ બધા લોકો તેમના સંબંધીઓને મળવા રત્નાગિરી ગયા હતા. આ પછી, તેઓએ બીચ પર જવાની યોજના બનાવી હતી. જોકે, દરિયામાં જોરદાર મોજા અને વરસાદ છતાં અહીં જવાને કારણે આ અકસ્માત થયો. અહીં, દરિયા કિનારે પાણીમાં રમતી વખતે, આ લોકો મોજામાં ફસાઈ ગયા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, કેટલાક પ્રવાસીઓએ તેમને ડૂબતા જોયા હતા પરંતુ તેઓ તેમને બચાવી શક્યા ન હતા.

# બિહારમાં મુખ્યમંત્રી તો નીતિશ કુમાર જ બનશે, જેડીયુની સ્પષ્ટતા

પટણા,તા.૨૦

અત્યારે સમગ્ર દેશની નજર બિહાર વિધાનસભા ચૂંટણી અને તેના પરિણામો પર ટકેલી છે. તેમાંય બિહારના મુખ્યમંત્રી કોણ બનશે તે તો યક્ષ પ્રશ્ન બની ગયો છે. જો કે બિહારમાં મુખ્યમંત્રી કોણ બનશે તે મુદ્દે જદયુ નેતા મહેશ્વર હજારીએ નિવેદન આપીને પક્ષનું વલણ સ્પષ્ટ કર્યુ છે. તેમણે કહ્યું છે કે, જદયુ ફર્સ્ટ ડિવિઝનમાં આવે કે થર્ડ ડિવિઝનમાં પણ મુખ્યમંત્રી તો નીતિશ કુમાર જ બનશે. જેડીયુ નેતા મહેશ્વર હજારીએ કહ્યું કે, જેડીયુ ફર્સ્ટ ડિવિઝનમાં આવે કે થર્ડ ડિવિઝનમાં મુખ્યમંત્રી તો નીતિશ કુમાર જ બનશે. તેઓ ગમે તે રીતે સીએમ બનશે. આ અંગે કોઈએ ખચકાટ ન કરવો જોઈએ. ઉલ્લેખનીય છે કે ચૂંટણી અગાઉ બિહારમાં મુખ્યમંત્રી પદ માટે ખેંચતાણ ચાલી રહી છે. તેમાંય વળી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તાજેતરમાં જ મુખ્યમંત્રી વિષયક ચોખવટ ન કરી હતી તેથી જેડીયુ આવા નિવેદનો કરીને ભાજપને પોતાનો જવાબ આપી રહ્યું છે.

# કોડીનારના કંટાળામાં સરપંચ અને સભ્યોએ ખુદ ૧૫ વર્ષે પીવાના પાણીના ટાંકાની સફાઈ કરી

કોડીનાર,તા.૨૦

કોડીનાર તાલુકાના કંટાળા ગામે નવનિયુક્ત સરપંચ અને સભ્યોએ ગામના પીવાના પાણીના ટાંકાની સફાઈનું અભિયાન હાથ ધર્યું હતું. છેલ્લા ૧૫ વર્ષથી આ પાણીનો ટાંકો સાફ થયો ન હોવાથી ગામ લોકો ગંદુ અને દૂષિત પાણી પીવા મજબૂર હતા. જોકે, નવા ચૂંટાયેલા સરપંચે તેમના ચૂંટણી વચનો પૂરા કરવાની દિશામાં આ એક અનોખી અને આવકારદાયક શરૂઆત કરી છે. સ્વજલધારા



તસવીર : કુલદીપ પાઠક

વાસમો યોજના હેઠળ ૨૦૦૯માં બનેલો ૫૦ હજાર લિટરનો પીવાના પાણીનો ટાંકો બન્યો હતો ત્યારથી ક્યારેય સાફ થયો ન હતો. જેના કારણે ગામ લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી હતી. અનેક રજૂઆતો છતાં આ સમસ્યાનો ઉકેલ આવ્યો ન હતો. નવા સરપંચે અમારી સમસ્યા હલ કરી છે.

# સોમનાથ પ્રભાસ પાટણના પીઆઈનો વિદાય અને વેલકમ સમારંભ યોજાયો

ગીર સોમનાથ,તા.૨૦



પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.વી. પટેલની એલ.સી.બી પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે રવિયા બદલી થતા અને તેમના સ્થાને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌહાણની નિમણૂક થતા વિદાય અને વેલકમ સમારોહ સોમનાથના સાગર દર્શન હોલ ખાતે યોજાયો હતો. જેમાં સમસ્ત ગામના આગેવાનો, પોલીસ અધિકારીઓ, સ્ટાફ - વેપારી સમાજ અને જ્ઞાતિ આગેવાનોએ ભાવભરી ભવ્ય વિદાયમાન આપી હતી. તેમજ નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટરને ભાવસભર આવકાર આપી ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# વેરાવળના વેપારીઓએ મેઘરાજાને મનાવવા સોમનાથ સુધી સાત કિ.મી.ની પદયાત્રા યોજી

ગીર સોમનાથ,તા.૨૦

મેઘરાજા મન મૂકીને હેત વરસાવે તે માટે વેરાવળના વેપારીઓએ સોમનાથ મહાદેવ સુધી સાત કિલોમીટરની પદયાત્રા કરી હતી. જથ્થાબંધ અનાજ કિરાણા વેપારી એસોસિએશન મંડળના વેપારીઓ દ્વારા આ પદયાત્રા યોજાઈ હતી, જે છેલ્લા ૨૮ વર્ષથી ચાલતી પરંપરાનો એક ભાગ છે. પદયાત્રા કરીને સોમનાથ પહોંચ્યા બાદ, વેપારીઓએ મહાદેવ સમક્ષ



તસવીર : કૈલાશ ભટ્ટ

સામૂહિક રીતે શીશ ઝુકાવીને ભરપૂર વરસાદ માટે પ્રાર્થના કરી હતી. આ પદયાત્રાનું સોમનાથ પ્રભાસ પાટણ મેઈન બજારના વેપારીઓ દ્વારા ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાજલી માર્કેટિંગ યાર્ડના વેપારીઓ પણ આ પદયાત્રામાં જોડાયા હતા. પ્રભાસ પાટણના વેપારીઓ દ્વારા પદયાત્રીઓ માટે ચા-પાણી અને શરબતનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા દર્શનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

ધોરાજી,તા.૨૦



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીના જૂનાગઢ રોડ પર આવેલા BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા દર્શન નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરતી, પૂજન અને અર્ચન સહિતના ભક્તિમય કાર્યક્રમો યોજાયા, જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ ભક્તિપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે BAPS સ્વામિનારાયણ મંદિર સત્સંગ મંડળના સેવાભાવી કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. હરિભક્તોએ ભગવાનના હિંડોળા દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# ઉનાના સિમાસી ગામે રૂપેણ નદી પરનો પુલ જર્જરિત: તંત્રની ઘોર નિદ્રા સામે સવાલો

ઉના,તા.૨૦

ઉના તાલુકાના સિમાસી ગામે રૂપેણ નદી પર આવેલો પુલ અતિ જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યો છે, તેમ છતાં તંત્ર દ્વારા તેની દરકાર ન લેવાતી હોવાથી સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ૧૯૮૪માં બનેલા આ પુલ ઉપરથી રોજબરોજ હજારો વાહનો પસાર થાય છે, જેમાં સ્થાનિક સિમાસી ગામના લોકો, ભારે વાહનો અને વિદ્યાર્થીઓ ભરેલી બસોનો પણ સમાવેશ થાય છે. આ પુલના બીમ અને સ્ટ્રક્ચર અત્યંત ખખડધજ હાલતમાં છે, અને તેની રેલિંગ પણ તૂટી



ગઈ છે. હાલ ચોમાસામાં રૂપેણ નદીમાં પાણી આવ્યું નથી, પરંતુ જ્યારે નદી બે કાંઠે વહેશે અને વ્યાપક પાણી આવશે, ત્યારે આ પુલને વ્યાપક નુકસાન થવાની શક્યતા નકારી શકાય તેમ નથી, અને મોટી દુર્ઘટના સર્જાવાનો ભય પણ તોળાઈ રહ્યો છે. નાના ભૂલકાંઓ પણ આ પુલ પરથી ચાલીને પસાર થાય છે, જે ચિંતાજનક બાબત છે. જિલ્લા તંત્ર દ્વારા આ પુલની નોંધ શા કારણે લેવામાં આવી નથી, તે અંગે લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે. પુલની વર્તમાન પરિસ્થિતિ જોતા, સ્થાનિક ગ્રામપંચાયતના સભ્યોએ આગામી દિવસોમાં આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે.

# કોડીનારની ગોંદરાપરા પ્રાથમિક શાળાના ૧૩ વિદ્યાર્થીઓ જ્ઞાનસાધના સ્કોલરશીપ મેળવશે

કોડીનાર,તા.૨૦

કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ગોંદરાપરા પ્રાથમિક શાળાએ ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવી છે. આ શાળાના એકસાથે ૧૩ બાળકોએ મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષામાં સફળતા મેળવી છે અને શિષ્યવૃત્તિ માટે યોગ્યતા પ્રાપ્ત કરી શાળા તથા ગામનું નામ રોશન કર્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ આ પરીક્ષામાં ગોંદરાપરા પ્રાથમિક શાળા, ડોળાસાના ધોરણ ૮ના તેર બાળકોનો મેરિટમાં સમાવેશ થયો છે. આ તેર વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસ માટે કુલ ૯૪,૦૦૦ રૂપિયા જેટલી શિષ્યવૃત્તિ પ્રાપ્ત થશે. શાળાના આચાર્ય સંદીપભાઈ મોરી અને સમગ્ર સ્ટાફ દ્વારા મેરિટમાં સમાવિષ્ટ તમામ બાળકોને અભિનંદન પાઠવીને બિરદાવવામાં આવ્યા હતા. સાથે સાથે, ચાલુ વર્ષમાં ધોરણ ૮માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ખૂબ મહેનત કરવા માટે શાળા પરિવાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# તાલાલાનાં ધાવા ગીરમાં શિકારની શોધમાં નીકળેલો સિંહ ખુલ્લા કૂવામાં ખાબક્યો



તાલાલા,તા.૨૦

તાલાલાના ધાવા ગીર ગામમાં રવિવારે વહેલી સવારે શિકારની શોધમાં નીકળેલો એક સિંહ ખુલ્લા કૂવામાં પડી ગયો હતો. સિંહની ગર્જનાનો અવાજ સાંભળીને સ્થાનિક ખેડૂતોએ કૂવામાં તપાસ કરી હતી. આ અંગે ખેડૂતોએ તાત્કાલિક તાલાલા વન વિભાગને જાણ કરી હતી. સૂચના મળતાં જ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. વન વિભાગના સ્ટાફે સિંહને કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.

# ધોરાજીના સોની બજારમાં ભૂગર્ભ ગટરના દુર્ગંધ મારતા પાણીનો પાંચ વર્ષથી ત્રાસ: નગરપાલિકાની નિષ્ક્રિયતા સામે રોષ

ધોરાજી,તા.૨૦

ધોરાજીના હૃદય સમાન સોની બજાર ખાતે આવેલા પ્રસિદ્ધ જૈન દેરાસર પાસેના મુખ્ય માર્ગો પર છેલ્લા પાંચ વર્ષથી ભૂગર્ભ ગટર છલકાઈ રહી છે, જેના દુર્ગંધ મારતા પાણીથી સ્થાનિક વેપારીઓ અને રાહદારી લોકો ભારે પરેશાન છે. ધોરાજી વેપાર ઉદ્યોગ મહામંડળ, જૈન દેરાસર અને અન્ય સંસ્થાઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં અનેક વખત લેખિત રજૂઆતો કરવા છતાં આ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. આ દયનીય પરિસ્થિતિ જોઈને, આ વિસ્તારના સામાજિક કાર્યકર્તા અને રામજી મંદિરના



પૂજારી દિલીપભાઈ અગ્રાવત (બલાભાઈ)એ જાતે ભૂગર્ભ ગટરની કુંડી ખોલીને પોતાના હાથ વડે સાફ કરી હતી. તેમણે જૈન દેરાસરમાંથી પાણીનો પાઈપ લાવીને સમગ્ર ગંદકીને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. આ વિસ્તારના લોકોના જણાવ્યા મુજબ, નગરપાલિકામાં પાંચ વર્ષથી અનેક ફરિયાદ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. આ પ્રકારે જાહેરમાં ભૂગર્ભ ગટરના પાણીથી રોગચાળો વધતો હોવા છતાં નગરપાલિકાની આંખ ઊઘડતી નથી. ધોરાજીના નગરજનો રાજકોટ જિલ્લા કલેક્ટરને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી રહ્યા છે.

# ગીર સોમનાથ LCBએ ગીરગઢડામાં રૂ. ૫.૯૩ લાખનો દારૂ ઝડપી પાડ્યો

ગીર સોમનાથ,તા.૨૦



ગીર સોમનાથ એલ.સી.બી.એ બાતમીના આધારે ગીરગઢડાના આથમણા પાડા ગામની પાણખાણ સીમમાં વાડી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમિયાન પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧૨૩ પેટીઓ, જેમાં ૫૯૦૪ બોટલો હતી, જેની કિંમત રૂ. ૫,૯૦,૪૦૦/- છે, તે જપ્ત કરી હતી. આ ઉપરાંત, એક મોબાઈલ ફોન પણ કબ્જે કરવામાં આવ્યો હતો, જેથી કુલ મુદામાલ રૂ. ૫,૯૩,૪૦૦/- નો ઝડપી લેવાયો હતો. આરોપીઓ પૈકી ઉદયસિંહ ઉર્ફે વાળા ભાવુભાઈ સામતભાઈ દવેરા અને રાહુલસિંહ ભીમભાઈ ગોહીલને પકડી પાડવામાં આવ્યા છે. જ્યારે પ્રફુલભાઈ સાદુળભાઈ ગોહિલ, ભાવેશ રમેશ કામળીયા, ઉમેશ અરજણભાઈ બાલશ અને મેહુલ મનહરભાઈ પટેલ ફરાર છે.

# ગુજરાતનાં રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદી : રેસિડેન્શિયલ પ્રોજેક્ટની સૌથી વધુ ખરાબ હાલત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૦

ગુજરાતનું રિયલ એસ્ટેટ માર્કેટ છેલ્લા ઘણા સમયથી મંદીમાં ચાલી રહ્યું છે અને ૨૦૨૪-૨૫માં પણ તે કોવિડ પહેલાના લેવલ સુધી પહોંચી શક્યું નથી. તેમાં પણ રેસિડેન્શિયલ માર્કેટની હાલત સૌથી વધારે ખરાબ છે અને બિલ્ડર્સને ફ્લેટ વેચવામાં આંખે અંધારા આવી રહ્યા છે, જેને લીધે ૮૯ ટકા ઈન્વેન્ટરી વેચાયા વગરની પડી રહી છે, અને પ્રોજેક્ટ પૂર્ણ થવાનો દર વાર્ષિક ધોરણે બે ટકા ઘટી ગયો છે.



ગુજરાત રેરાએ રિપોર્ટ જાહેર કર્યો છે અને આ લેટેસ્ટ રિપોર્ટમાં રિયલ્ટી માર્કેટનું ભયાનક ચિત્ર સામે આવ્યું છે. ૨૦૧૭-૧૮માં જ્યાં ૧૯૮૧ પ્રોજેક્ટ્સની તુલનામાં આ વખતે ફક્ત ૩૬ પ્રોજેક્ટ જ પૂર્ણ થયા છે. ગુજરાતમાં પ્રોજેક્ટ પૂરા થવાનો રેટ તેની ટોચ પરથી તળીયા પર આવી ગયો છે. ૨૦૧૭-૧૮માં પ્રોજેક્ટ પૂરો થવાનો રેટ ૯૦ ટકા હતો જે ૨૦૧૮-૧૯માં ઘટીને ૮૨ ટકા પર પહોંચી ગયો હતો, અને ૨૦૧૯-૨૦માં તે ઘટીને ૮૦ ટકા પર આવી ગયો હતો. આ રેટ સતત ઘટતો રહ્યો છે અને ૨૦૨૦-૨૧માં આ રેટ ઘટીને ૭૪ અને ૨૦૨૧-૨૨માં ૫૬ ટકા પર આવી ગયો હતો. પરંતુ ૨૦૨૨-૨૩માં તેમાં મોટો ઘટાડો નોંધાયો હતો અને તે ૨૭ ટકા પર આવી ગયો હતો, અને ૨૦૨૩-૨૪માં તે ૧૦ ટકા પર પહોંચી ગયો છે.

# અમદાવાદની વેદાંત ઈન્ટરનેશનલના શિક્ષકે ૧૩ વર્ષની સગીરાની કરી છેડતી

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ, સુરત અને ફરી અમદાવાદ એમ છેલ્લા આઠ દિવસમાં શિક્ષક દ્વારા સગીર વિદ્યાર્થિનીની છેડતી કર્યાની ત્રીજી ઘટના સામે આવી છે. ઈસનપુરમાં આવેલી વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષકે પાસ કરવાની લાલચ આપીને ૧૩ વર્ષીય સગીર વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. આ સાથે અવારનવાર મળવા માટે પણ કહેતો હતો. રાત્રીના સમયે સગીરા



જે માતાનો મોબાઈલ વાપરતી હતી, તેમાં બે મિસ્ડકોલ આવ્યા હતા, જેથી માતાએ સગીરાની પૂછપરછ કરતા ગુરુના વેશમાં રહેલા શિક્ષકનો ભાંડો ફૂટ્યો હતો. ૧૯ જુલાઈએ આ અંગે સગીરાની માતાએ શિક્ષક સામે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. ગત ૧૨ જુલાઈએ રાત્રે સગીરાના માતાના મોબાઈલમાં અજાણ્યા નંબર પરથી બે મિસ્ડકોલ આવ્યા હતા. જેથી સગીરાની માતાએ નંબર પર ફોન કર્યો, પરંતુ ઉપાડ્યો ન હતો. જેથી માતાએ પુત્રીને આ નંબર અંગે પૂછતા આ નંબર તેના સ્કૂલના શિક્ષક પંકજ ગીરીનો હોવાનું જણાવ્યું હતું, જે છેલ્લા ૧૫ દિવસથી સ્કૂલમાં ભણાવતો હતો.

# અંજારમાં પરિવારની વાતને લઈને થયેલ ઝઘડામાં મહિલા ASIની હત્યા

અંજાર,તા.૨૦



અંજારમાં શુક્રવારે મહિલા ASI અરૂણાબેન જાદવની તેના પ્રેમીએ હત્યા કરી હોવાની ઘટના સામે આવી હતી. ASI અરૂણાબેન અને CRPF જવાન વચ્ચે વર્ષ ૨૦૨૧માં ઈન્સ્ટાગ્રામ થકી મિત્રતા થઈ હતી. જે બાદ બન્ને લિવઈનમાં રહેતા હતા. આ દરમિયાન ઝઘડો થતાં પ્રેમીએ ગળું દબાવી ASIને મોતને ઘાટ ઉતારી દીધી હતી. જે બાદ આરોપી CRPF જવાન પોલીસ મથકે સામેથી હાજર થયો હતો. ઘટનાને અંજામ આપ્યા બાદ જવાને હાથની નસ પણ કાપી હોવાનું સામે આવ્યું છે.

# એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસમાં નવો વળાંક, ફ્લાઈટ દરમિયાન તેની ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામી હોવાના સંકેતો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૦

અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઈન્ડિયાના પ્લેન ક્રેશની તપાસ ચાલી રહી છે. તપાસકર્તાઓ બોઈંગ ડ્રીમલાઈનરના કાટમાળની બારીકાઈથી તપાસ કરી રહ્યા છે. તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. અધિકારીઓનું કહેવું છે કે વિમાનના એમ્પેનેજ અથવા ટેલ એસેમ્બલીના કાટમાળમાં ઈલેક્ટ્રિક આગના સંકેતો મળી આવ્યા છે, જોકે આ આગ ફક્ત વિમાનના



પાછળના ભાગ સુધી જ લાગી હતી, જેના કારણે ટેલ અલગ થઈ ગઈ હતી અને અકસ્માતમાં વધુ અસર થઈ હતી. આ કારણે વિમાનનો બાકીનો ભાગ પણ બળી ગયો હતો.

પ્રોબના પાછળના ભાગમાં મળેલા સહાયક પાવર યુનિટ, ટ્રાન્સડ્યુસર્સ અને રડારને વિશ્લેષણ માટે સુરક્ષિત રાખવામાં આવ્યા છે. તપાસમાં સામેલ એક અધિકારીએ જણાવ્યું હતું કે ફ્લાઈટ દરમિયાન તેની ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામીને કારણે, સેન્સર ડેટામાં પણ ખામી હોવી જોઈએ, જેથી ECU દ્વારા એન્જિનને ખોટો આદેશ મોકલાયો હતો, જેના પછી રેમ એર ટર્બાઈન (RAT) તૈનાત કરવામાં આવ્યું હતું. તે ઈલેક્ટ્રિકલ નિષ્ફળતા દરમિયાન કટોકટી શક્તિ પ્રદાન કરે છે, પરંતુ વિમાનની ઊંચાઈ ઓછી હોવાને કારણે પાઈલટ્સને સલામત ઉતરાણ માટે સમય મળ્યો નહોતો.

# અમદાવાદ એરપોર્ટ પર શારજાહથી આવેલી મહિલા રોકડા ૪૫ લાખ અને મોંઘા ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો સાથે ઝડપાઈ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૦

શહેરના સરદાર વલ્લભભાઈ એરપોર્ટ પરથી સમયાંતરે સોનાની દાણચોરી ઝડપાતી હોય છે. આ વખતે અમદાવાદ એરપોર્ટ પરથી એરપોર્ટ ઈન્ટેલિજન્સ યુનિટે શારજાહથી આવેલી એક મહિલા પાસેથી રોકડા ૪૫ લાખ અને મોંઘા ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો જપ્ત કર્યા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, એરપોર્ટ ઈન્ટેલિજન્સ યુનિટે શારજાહથી અમદાવાદ આવી રહેલી એક મહિલા મુસાફરને શંકાના આધારે રોકી હતી. તેની તપાસ કરતાં અધિકારીઓને આઈફોન એપલ વૉચ, પ્રીમિયમ લેપટોપ અને હાઈ વેલ્યૂ ડિવાઈસ કેસ સહિતના દાણચોરી કરાયેલા ઈલેક્ટ્રોનિક્સનો મોટો જથ્થો મળ્યો હતો. આ તમામનું કોઈ ડિકલેરેશન કરવામાં આવ્યું નહોતું. ઈલેક્ટ્રોનિક્સની સાથે, એરપોર્ટ ઈન્ટેલિજન્સ યુનિટને ૪૫ લાખ રોકડા પણ મળી આવ્યા હતા. જેનો કોઈ હિસાબ ન હતો. ઉલ્હાસનગર, મહારાષ્ટ્રની રહેવાસી તરીકે ઓળખાયેલી મહિલાને તાત્કાલિક અટકાયતમાં લેવામાં આવી હતી.

# ધારાસભ્ય સામે ભ્રષ્ટાચારનાં આક્ષેપ કરવા બદલ ભાવનગર જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખને નોટિસ

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લામાં ભાજપનો આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપના ધારાસભ્ય સામે ભ્રષ્ટાચારનાં ગંભીર આરોપ કરનાર જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ લંગાળીયાને શિસ્તભંગની નોટિસ પાઠવવામાં આવી છે. સરપંચ સમારોહ દરમિયાન મુકેશ લંગાળીયાએ ધારાસભ્ય સામે ભ્રષ્ટાચારનાં આક્ષેપ કર્યા હતા.



પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગર જિલ્લામાં ગઢડા વિધાનસભાનાં MLA શંભુનાથજી ટુંડિયા સામે તેમના જ મતવિસ્તારમાં ૩૭ ગામનાં સરપંચોનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય વિરુદ્ધ સરકારી કામોમાં થતા ભ્રષ્ટાચાર અને કોન્ટ્રાક્ટરો પાસેથી રૂપિયા લેવાનાં ગંભીર આક્ષેપ જાહેર મંચ પરથી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ લંગાળીયા દ્વારા કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સંગઠનમાં ભારે ચકચાર મળી જવા પામી હતી. આ મામલે ભાવનગર જિલ્લા ભાજપના વર્તમાન પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલ દ્વારા પ્રદેશ કક્ષાએ ફરિયાદ કરવામાં આવી હતી.

# ભાવનગરમાં ૧૧૭ પોલીસકર્મીઓની એક સાથે સાગમટે આંતરિક બદલી

**૩૭ જેટલા પોલીસકર્મીની હેડ ક્વાટર ખાતે બદલી કરવામાં આવી**

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૨૦



ભાવનગર પોલીસ બેડામાં બદલીનો મોટો ઓર્ડર કરવામાં આવ્યો છે. ભાવનગરના એસપી ડો. હર્ષદ પટેલ દ્વારા આ બદલીનો ઓર્ડર કરવામાં આવ્યો છે. જેમાં ૧૧૭ પોલીસકર્મીઓની આંતરિક બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. આ પોલીસકર્મીઓની શહેર અને જિલ્લાના પોલીસ સ્ટેશનમાં આંતરિક બદલી કરવામાં આવી છે. જ્યારે ૩૭ જેટલા પોલીસકર્મીને હેડ ક્વાટર ખાતે બદલી કરવામાં આવી છે.

# બગોદરામાં એક જ પરિવારનાં પાંચ સભ્યોએ ઝેરી દવા પી કર્યો આપઘાત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૦

અમદાવાદ પાસે આવેલ બગોદરામાં સામૂહિક આપઘાતનો બનાવ બન્યો છે. ભાડાના મકાનમાં રહેતા રીક્ષાચાલક પરિવારના પાંચ સભ્યોએ મોત વ્હાલુ કર્યું છે. એક પરિવારના પાંચ સભ્યોએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી પ્રવાહી/પદાર્થ પીને આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતકોના નામ (૧)



વિપુલભાઈ કાનજીભાઈ વાઘેલા (દેવીપૂજક) ઉ.વ. ૩૪ પતિ (૨) સોનલબેન વિપુલભાઈ વાઘેલા ઉ.વ.૨૬ પત્ની (૩) કરીના સીમરન વિપુલભાઈ વાઘેલા ઉ.વ.૧૧ દીકરી (૪) મયુર s/o વિપુલ વાઘેલા ઉ.વ. ૦૮ દીકરો (૫) પ્રિન્સિ વિપુલ વાઘેલા ઉ.વ. ૦૫ દીકરી હોવાનું સામે આવ્યુ છે.

# રાજકોટમાં ડીસીપીની વિઝિટ દરમ્યાન દારૂ પીધેલ હાલતમાં ઝડપાયેલા બે પોલીસકર્મી સામે ગુનો નોંધાયો

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૦

યુનિવર્સિટી પોલીસ મથકમાં સાત માસ પૂર્વે ડીસીપીની સરપ્રાઈઝ વિઝીટ દરમિયાન પીધેલા ઝડપાયેલા બે પોલીસકર્મીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો છે. એફએસએલ રિપોર્ટ આવ્યા બાદ દારૂ ઢીંચી ફરજ પર આવેલા બે પોલીસ કોન્સ્ટેબલ રાજદિપસિંહ અશોકસિંહ વાઘેલા અને જયવીર જીતુભાઈ ગઢવી સામે પ્રોહિબીશનનો ગુનો નોંધવામાં આવ્યો છે

પ્રાપ્ત માહિતી મુજબ યુનિ. પોલીસ મથકનાં તત્કાલીન પી.આઈ. વસાવાએ ગઈ તા. ૫.૧૨.૨૦૨૫ નાં બન્ને કોન્સ્ટેબલોએ દારૂ ઢીંચ્યાની શંકા પરથી તેમના બ્લડ સેમ્પલ સિવિલ હોસ્પિટલ ખાતે લેવડાવ્યા હતાં.



જેમાં શરીરમાંથી આલ્કોહોલની હાજરી મળી હતી.

જેથી આ બન્ને કોન્સ્ટેબલો સામે પીએસઆઈ રાઠોડે સરકાર તરફે ફરિયાદી બની પ્રોહિબીશનની કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. બન્ને ગુના અલગ અલગ દાખલ કરાવવામાં આવ્યા હતા. સામાન્ય નાગરિક હોય તો દારૂ પીવાના કેસમાં પોલીસ તાત્કાલીક ગુનો દાખલ કરે છે જયારે આ કેસમાં પોલીસ કોન્સ્ટેબલો હોવાથી એફએસએલનાં અભિપ્રાયની રાહ જોવાઈ હતી.

# વિસાવદરમાં ગોપાલ ઈટાલીયાની જીત બાદ અચાનક જવાહર ચાવડા થયા સક્રિય

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૨૦

વિસાવદરની પેટાચૂંટણીમાં જીત ગોપાલ ઈટાલીયાની થઈ અને જય જયકાર જવાહર ચાવડાનો થયો હતો. વિસાવદર બેઠક ઉપરથી આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાનો વિજય થયો હતો, તેના બાદથી સોશિયલ મીડિયા પર એક વીડિયો ફરતો થયો હતો. જેમાં ગોપાલ ઈટાલીયા સાથે તેમના સમર્થકો પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર



ચાવડાના જય જયકારના નારા લગાવ્યા હતા, આ વીડિયોએ રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જગાવી હતી. ત્યારે પેટાચૂંટણીના એક મહિનાના બાદ પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડા ફરી રાજકારણમાં સક્રિય થયા છે.

વિસાવદરની પેટાચૂંટણીથી જાણે જવાહર ચાવડામાં નવો જોમ ભરાયો હોય તેમ તેઓ ફરી એક્ટિવ જોવા મળ્યા છે. ભાજપમાં સાઈડલાઈન કરાયેલા આ પૂર્વ મંત્રીમાં અચાનક પાવર આવ્યો હોય તેવું લાગે છે. જવાહર ચાવડાએ એકાએક બેઠકોનો દોર શરૂ કર્યો છે. જેને કારણે ભાજપની રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઓ ફરી તેજ બની છે.

જવાહર ચાવડાએ વિસાવદર, વંથલી, માણાવદર પંથકમાં બેઠકોના દોર શરૂ કર્યો છે.

જૂનાગઢ જિલ્લાની રાજનીતિને ઝીણી નજરે જોનારાનાં મતે જવાહર ચાવડાને આમઆદમી પાર્ટીમાં જોડાવાનું આ આડકતરું નિમંત્રણ હોઈ શકે. પરંતુ આ વચ્ચે જ એકાએક જવાહર ચાવડા એક્ટિવ થયા તે જોતા કંઈક નવાજૂની થાય તે નક્કી છે.








